


# ઈસુ બોલાવે છે

ISU BOLAVE CHHE - VOL. 19 ISSUE 7 - 36 PAGES - RS. 21/-

નવેમ્બર ૨૦૨૧

## ...ઈશ્વર આપણા ઉપભોગને માટે ઉદારતાથી સર્વ આપે છે...

(૧ તિમોથીને પત્ર ૬:૧૭)

JESUS CALLS
PRAYING FOR THE WORLD
કૉલ્સ – વિશ્વને માટે પ્રાર્થના કરીએ છીએ

# નવા વર્ષના
# ઉત્પાદનો




## ૨૦૨૨ સ્થાપનાનું વર્ષ

૩૬૫ દિવસ માટે પ્રાર્થના સાથે દરરોજ માટે
બહેન ઈવેન્જલીન પૉલ દિનાકરન
દ્વારા પસંદ કરેલા બાઈબલના વચનો સાથેનું કેલેન્ડર

૧ કેલેન્ડર
૩૦/- રૂપિયા
પોસ્ટેજ ખર્ચ ૨૦/- અલગ થશે

૧૦ કેલેન્ડર
૨૭૦/- રૂપિયા -
પોસ્ટેજ ખર્ચ ૯૦/- અલગ થશે

૫૦ કેલેન્ડર
૧૩૫૦/- રૂપિયા
પોસ્ટેજ ખર્ચ ૩૫૦/- અલગ થશે

૧૦૦ કેલેન્ડર
૨૭૦૦/- રૂપિયા
પોસ્ટેજ ખર્ચ ૬૫૦/- અલગ થશે

*અંગ્રેજી, હિન્દી, તેલુગુ, કન્નડ, મલયાલમ અને તમિલ ભાષામાં ઉપલબ્ધ છે*




## ૨૦૨૨ના વર્ષનું કેલેન્ડર

કેલેન્ડરની જેમ દરેક પાના પર દૈનિક વચનો સાથેની ડાયરી

## ડાયરી (મધ્યમ આકારની)

૧૫૦/- રૂપિયા
*(પોસ્ટેજ ખર્ચ ૪૦/- રૂપિયા અલગ થશે)*

**આ વસ્તુઓ તમે બીજા વ્યક્તિઓને ભેટ તરીકે આપીને પણ આશીર્વાદિત થઈ શકો છો**
**૨૦૨૨ વર્ષના આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે તૈયાર થાઓ**

વધુ વિગતો માટે

- પ્રાર્થના ભવન : તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનનો સંપર્ક કરો   વેબસાઈટ : www.jesuscalls.org
- સહભાગીઓ માટેનો ફોન નંબર ૦૪૪ - ૨૩૪૫૬૬૭૭ (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન) : partnercare@jesuscalls.org

તમે નીચેના સરનામે મની ઓર્ડર કે ચેક મોકલીને પણ ઉપર જણાવેલ વસ્તુઓ ખરીદી શકો છો.

True friend management support service pvt. Ltd. New no. 73, Old No. 22, Greenways lane, Raja Annamalaipram, Chennai – 600028
વધુ વિગતો માટે info@truefriend.co.in પર ઇ-મેઇલ કરો   www.truefriendshoppe.app પર ઓનલાઇન પણ ખરીદી કરી શકો છો.

# સમયસર આશીર્વાદોની સંપૂર્ણતા

મારા વહાલા મિત્ર, આ મહિને પ્રભુનો આશીર્વાદ તમારી સાથે વહેંચતા હું આનંદ અનુભવું છું. એ વચન તો ૧ તિમોથીને પત્ર ૬:૧૭ છે.

*"પણ દેવ આપણા ઉપભોગને સારુ ઉદારતાથી સર્વ આપે છે..."*

હા, મારા મિત્ર, ઈશ્વર ઇચ્છે છે કે આપણી પાસે જરૂરની દરેક વસ્તુઓ હોય અને પ્રભુ આપણને બધી જ વસ્તુઓ ઉદારતાથી આપવા માગે છે. આપણા ઈશ્વર તો તમને ફક્ત નાણાં જ નહિ પણ બીજી બધી જ વસ્તુઓ આપવા માગે છે. હા, ઈશ્વર ધનવાનતા સાથે તમારી જરૂરિયાતો પૂરી પાડે છે. ફિલિપીઓને પત્ર ૪:૧૯માં આપણે વાંચીએ છીએ કે, "મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે." તમે જાણો છો શા માટે? તેનો ઉત્તર ૨ કરિંથીઓને પત્ર ૮:૯માં આપેલો છે,

***"કેમ કે તમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા જાણો છો કે, તે ધનવાન છતાં તમારે લીધે દરિદ્રી થયો, એ માટે કે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ."***

બધા જ આશીર્વાદોનો આનંદ માણવા માટે તમને ધનવાન કરવામાં આવ્યા છે તે કેવો મોટો આશીર્વાદ છે.

## ઈશ્વર તરફથી સઘળા આશીર્વાદો સાથેની ધનવાનતા

ઈશ્વરની ધનવાનતા તો તારણ છે. તારણ શું છે તે હું તમને જણાવવા માગું છું. એ તો પાપના શ્રાપથી બચાવ છે. તે કોઈપણ વ્યક્તિના કાર્યોથી થતું નથી. સારાં કૃત્યો કરવાથી તારણ પ્રાપ્ત થતું નથી. દારૂડિયો વ્યક્તિ પણ સારા કૃત્યો કરી શકે છે. તમે ઘણાં ભ્રષ્ટ લોકોને સોનું કે નાણાંનું દાન કરતાં કે ગરીબોને દાન કરતાં જોયા હશે. તારણ તો મફત છે અને જે કોઈ



ડૉ.પૉલ દિનાકરન - *paul@jesuscalls.org*

તેના પાપોનો પસ્તાવો કરે છે અને ઈસુના રક્તથી શુદ્ધ થવા માટે ઈસુની પાસે આવે છે તે દરેકને તારણ આપવામાં આવે છે. આ તો સૌથી મોટો અને મૂલ્યવાન આશીર્વાદ છે. તારણની સાથે-સાથે ઈશ્વર સાવધબુદ્ધિ, સામર્થ્ય, અને પ્રેમ આપે છે અને ભયનો આત્મા આપતા નથી (૨ તિમોથીને પત્ર ૧:૭). એમ તમે ઈશ્વરના આશીર્વાદોનો આનંદ માણી શકો છો.

જો તમે ૧ તિમોથીને પત્ર ૬:૧૭ વાંચો તો તે કહે છે કે,

***"આ સમયના ધનવાનોને તું આગ્રહપૂર્વક કહે કે, તેઓ અહંકાર ન કરે, અને દ્રવ્યની અસ્થિરતા પર નહિ, પણ જે દેવ આપણા ઉપભોગને સારુ ઉદારતાથી સર્વ આપે છે તેના પર આશા રાખે."***

આ જગતનું ધન અચોક્કસ છે. આજે લોકો શેર બજારોમાં, બિટકોઇનમાં અને વિવિધ બાબતોમાં રોકાણ કરે છે, પણ કોઇ વ્યક્તિ એ વાત વિશે ચોક્કસ નથી કે તેમને તેનું મોટું પ્રતિફળ મળશે જ. જો કે જેઓ તેમની આશા ઈશ્વર પર રાખે છે તેઓ આત્મવિશ્વાસથી ભરેલા અને ચોક્કસ હોઇ શકે છે. કેમ કે ઈશ્વર કહે છે કે, "હું જે છું તે છું." (નિર્ગમન ૩:૧૪). ઈશ્વર વિશેનું સઘળું ચોક્કસ છે અને જ્યારે તમે ઈશ્વર પર આશા રાખો છો ત્યારે તમે સ્થિર અને સલામત રહેશો.

ઈશ્વર પર આશા રાખવાનો શો અર્થ છે? તેનો અર્થ છે ઈશ્વર જે દોરવણી અને માર્ગદર્શન આપે છે અથવા તો જે કરવાનું કહે છે તે તમે કરો છો. જ્યારે તમે તે કરો છો ત્યારે પ્રભુ તમને તમારા ઉપભોગને માટેનું સઘળું આપે છે.

ભ્રષ્ટ લોકો ઘણા નાણાં કમાય અને સંપત્તિ કમાય છે અને તેમની ભ્રષ્ટતા દ્વારા સારી પદવીઓ પ્રાપ્ત કરે છે, પણ તેનો આનંદ માણી શકતા નથી. તેઓ તેમની સંપત્તિ ક્યાંથી આવી છે તે બતાવી શકતા નથી અને હંમેશા બીકમાં રહે છે. જ્યારે ઈશ્વર જે ધનવાનતા આપે છે તેમાં તફાવત છે. ઈશ્વરના આશીર્વાદો સાચી ધનવાનતા છે કેમ કે તમે ઈશ્વરની હાજરીનો આનંદ માણી શકો છો અને મનની શાંતિ પ્રાપ્ત કરી શકો છો. તમારું કુટુંબ તમને એમ કહીને માન આપશે કે, ' તમે ઈશ્વરનું બાળક છો', જે તમારો સૌથી મોટો આનંદ બની રહેશે. જ્યારે તમારા બાળકો ઉઠીને તમને એમ કહેશે કે, 'તમને ધન્ય છે' ત્યારે એ સૌથી મોટું માન અને પ્રમાણપત્ર હશે.




જ્યારે તમે તમારી આશા પ્રભુ પર રાખશો અને તેમનો અવાજ સાંભળીને તેનું પાલન કરશો ત્યારે પ્રભુ તમને પ્રેમ કરશે અને પોતાના આશીર્વાદો તમારા પર રેડી દેશે.

***"ખ્રિસ્ત વિષેની અમારી સાક્ષી તમારામાં દઢ થઈ તેમ, સર્વ બોલવામાં તથા સર્વ જ્ઞાનમાં, તમે સર્વ પ્રકારે તેનામાં સંપત્તિવાન થયા"*** (૧ કરિંથીઓને પત્ર ૧:૫,૬)

તમારી વાતચીતમાં તમારા જ્ઞાનનું ભરપૂરીપણું દેખાશે, જે તમને લોકોની સાથે જોડશે અને તેમના તરફથી તમને માન અને પ્રસન્નતા પ્રાપ્ત થશે. ઈશ્વર તમને એવા ઉચ્ચસ્થાને મૂકશે કે બધા લોકો તમને ઓળખશે અને માન આપશે.

આ આશીર્વાદો ઈશ્વર આ મહિને તમને આપવા જઇ રહ્યા છે.

## સંપૂર્ણ અને સમયસર પ્રાપ્ત થતી ધનવાનતા

ઈશ્વર તમને સંપૂર્ણ ધનવાનતા આપે છે એટલું જ નહિ પણ યોગ્ય સમયે તે આપે છે. બાઇબલ કહે છે કે,

***"તેણે દરેક વસ્તુને તેને સમયે સુંદર બનાવી છે..."***
(સભાશિક્ષક ૩:૧૧)

ઈશ્વરે દરેક બાબતોને માટે એક સમય નક્કી કર્યો છે – વરસાદ લાવવા માટે વાદળો લાવવાનો સમય છે; જેથી ફસલ પાકે અને ભરપૂર પાક ઉત્પન્ન થાય. ઈશ્વરે બધું જ વ્યવસ્થિત રીતે ગોઠવ્યું છે તેથી ઈશ્વર પર જ તમારી આશા રાખો અને ઈશ્વરની ઇચ્છા પૂરી કરવા માટે દોરવણી શોધો. ત્યારે તમારા માટે નક્કી કરેલા સમયે બધું સુંદર થશે. જ્યારે તમે સૂઇ જશો ત્યારે તમને સારી ઉંઘ આવશે, અને તમે ઈશ્વરની શાંતિથી ભરેલા હશો. તમે સારી તંદુરસ્તીનો આનંદ માણશો. જ્યારે તમે બહાર જશો ત્યારે લોકોની તરફેણ પ્રાપ્ત થશે. તમે સઘળું કાર્ય સારી રીતે કરશો અને સમયસર તમને તેના પરિણામો પ્રાપ્ત થશે. ઈશ્વરની દોરવણી દ્વારા અને ઈશ્વરના સમયપત્રક સાથે તમે કામ કરશો. તેથી, બધું જ સુંદર રીતે થશે, તમે તેનો આનંદ માણશો અને યોગ્ય સમયે તેનું સારું પરિણામ પ્રાપ્ત કરશો. તમારે આશીર્વાદ માટે રાહ જોવાની કે આશીર્વાદ પ્રાપ્ત થાય તે પહેલા યુદ્ધ કરવાની જરૂર રહેશે નહિ.

આવો, આપણે મૂસાના જીવનને જોઇએ, જેણે ઈશ્વરની દોરવણી શોધી હતી. જ્યારે મૂસાએ ઈશ્વરને માર્ગ બતાવવા માટે પ્રાર્થના કરી હતી ત્યારે ઈશ્વરની હાજરી તેની આગળ હતી અને તે લાખો ઇસ્રાએલી લોકોને વચનના દેશમાં દોરી શક્યો હતો.

## આનંદ અને સંતોષ સાથેની ધનવાનતા

***"વળી દરેક મનુષ્ય ખાયપીએ, ને પોતાની સર્વ મહેનતનું સુખ ભોગવે, એ ઈશ્વરનું વરદાન છે."***
(સભાશિક્ષક ૩:૧૩)

"વળી જેને ઈશ્વરે દ્રવ્ય તથા ધન આપ્યું છે, ને તેનો ઉપભોગ

કરવાની, પોતાનો હિસ્સો લેવાની તથા પોતાની મહેનતથી આનંદ માણવાની શક્તિ આપી છે, એવા દરેક માણસે જાણવું જોઇએ કે એ ઈશ્વરનું દાન છે.'' (સભાશિક્ષક ૫:૧૯)

જયારે તમે ઈશ્વરના સમય પ્રમાણે ચાલશો ત્યારે તમે ધનવાનતા, આશીર્વાદો અને સમયસર પરિણામો પ્રાપ્ત કરશો. ઈશ્વર તમને તમે જે પ્રાપ્ત કર્યું છે તેનો સંતોષ માણવાની અને તેનાથી તૃપ્ત રહેવાની કૃપા પણ આપશે. એવા ઘણાં લોકો છે જેઓ એમ કહે છે કે તેઓ ઘણો પરિશ્રમ કરે છે, પણ પરિણામો પ્રાપ્ત કરતા નથી અથવા તો પૂરતું કમાઇ શકતા નથી.

રૉકફેલર વિશ્વના ધનવાન માણસોમાંના એક હતા, પરંતુ તેઓ તેમની સંપત્તિનો આનંદ માણી શક્યા નહોતા. તેમને અલ્સર હતું અને તેઓ જે ખાઇ કે પી શકતા હતા એ તો દૂધ જ હતું. અંતે કોઇએ તેમને કહ્યું કે, ''રૉકફેલર, ધનવાનતા અને સંપત્તિની પાછળ લાગવા કરતાં લોકો માટે સારાં કૃત્યો કરો અને તેનાથી તમને જીવન મળશે.'' જ્યારે તેમણે તેમનો સમય, તેમની સંપત્તિ અને જીવન બીજા લોકોને માટે આપવાની શરૂઆત કરી ત્યારે તેમનું સાજાપણું થવા લાગ્યું. આખું જગત તેમને પ્રેમ કરવા લાગ્યું. આજે પણ માનવીય સમસ્યાઓના ઉકેલ માટે તેમના નામે ઘણા રીસર્ચો ચાલે છે. તેઓ તો હયાત નથી પણ તેમનું નામ આજે પણ મોટું છે.

ઈશ્વર તમને પણ તમારા કામોનો આનંદ અને ઉપભોગ માણવા માટે સમર્થ કરશે.

## ભલાઈ સાથેની ધનવાનતા

***''વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે.''***

(રોમનોને પત્ર ૮:૨૮)

હા મારા મિત્ર, જ્યારે તમે ઈશ્વરના સંકલ્પ પ્રમાણે તેડાયેલા હશો ત્યારે બધું તમારા માટે હિતકારક થશે. યૂસફનું જીવન તેનું સારું ઉદાહરણ છે. યૂસફને મિસરમાં ગુલામ તરીકે વેચી દેવામાં આવ્યો હતો, ખોટી રીતે કેદમાં નાખવામાં આવ્યો હતો, પણ ઈશ્વરે તેને તેડ્યો હતો. યૂસફે તેની આશા પ્રભુઓના પ્રભુ પર રાખી હતી અને ઈશ્વરે તેને પુષ્કળતાના ૭ વર્ષ અને દુકાળના ૭ વર્ષનું પ્રકટીકરણ આપ્યું હતું. આ પ્રકટીકરણને લીધે યૂસફ કેદખાનામાંથી મિસરના મહેલમાં પહોંચ્યો હતો. પ્રભુએ તેને તે ખોરાકની વૃદ્ધિ, સંગ્રહ, સલામતી અને વહેંચણી કરવા માટે દોરવણી આપી હતી. તે દુકાળના સમયે યૂસફે ફક્ત મિસર દેશને જ નહિ પણ ઘણા માણસોના જીવ બચાવ્યા હતા.

યૂસફે પ્રભુ પર ભરોસો રાખ્યો હતો, તેથી પ્રભુએ તેને પોતાની યોજનાઓ બતાવી હતી, તેથી તેણે તેના પરિવારના લોકોને




ભોજન પૂરું પાડીને બચાવ્યા હતા. તમે પણ એમ કરી શકો છો. હા મિત્ર, તમે પ્રભુએ બતાવેલા સુંદર માર્ગ પર ચાલશો એટલું જ નહિ પણ તમે બીજાઓને પણ પ્રભુના આશીર્વાદો તરફ દોરશો. તમે તમારા વહાલાંઓ સાથે અને તમારા કાર્યક્ષેત્રના લોકોની સાથે તથા તમારા દેશના રહેવાસીઓની સાથે ઈશ્વરનું ધન પ્રાપ્ત કરશો.

## તમને અને બીજાઓને આશીર્વાદિત કરનાર ધનવાનતા

મારા મિત્ર, પ્રભુ તમને પોતાની ઇચ્છા મુજબ દોરવા અને તેમનો બચાવ કરવા માટે દોરશે.

***''પણ પવિત્ર આત્મા...તમને બધું શીખવશે.''***


(યોહાન ૧૪:૨૬)

***''તોપણ સત્યનો જે આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે...''*** (યોહાન ૧૬:૧૩)

હા વહાલાંઓ, પ્રભુના પવિત્ર આત્માથી ભરપૂર થવા દ્વારા આપણે ઈશ્વરની ઇચ્છા જાણી શકીએ છીએ. પવિત્ર આત્મા તમને ઈશ્વરની યોજના બતાવશે અને તેમાં ચાલવાનું ભવિષ્ય બતાવશે અને તમને યોગ્ય સમયે ધનવાનતા પ્રાપ્ત થશે. તમે બીજાઓને પણ તે માર્ગ પર ચાલવા માટે દોરશો. તમારે બીવાની જરૂર હશે નહિ. જ્યારે તમે ઈશ્વરના સમયપત્રકને અનુસરશો ત્યારે બધું તેના સમતુલનમાં થશે અને તમે યોગ્ય સમયે ભરપૂર આશીર્વાદો પ્રાપ્ત કરશો.

ઈશ્વરે આ મહિને તમારા માટે આ આશીર્વાદો મૂકી રાખ્યાં છે. પ્રભુ તમને સઘળી ધનવાનતા તેના યોગ્ય સમયે આપશે, તમારા માટે સઘળું હિતકારક થશે, અને તમે પ્રભુના દરેક આશીર્વાદોનો આનંદ માણશો.

આજે તમને જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીને તમારી પ્રાર્થનાઓ અને દાનો વડે મદદરૂપ થવા દ્વારા સહભાગી થવા માટે પ્રભુએ તેડ્યાં છે. જીસસ કૉલ્સ મિનિસ્ટ્રી ભંગીત હૃદયના અને તારણની શોધ કરનારા તથા ગરીબ અને જરૂરિયાતમંદ હોય એવા લાખો લોકોને




મદદરૂપ થાય છે.

***"હું તમને ખચીત કહું છું કે, આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું."***
(માથ્થી ૨૫:૪૦)

હા મારા મિત્ર, ઈસુ કહે છે કે, "જે કંઇ તમે આ નાનાંઓમાંના એકને કર્યું, એટલે કે ગરીબમાં ગરીબ કે પાપી લોકોને માટે કર્યું તે તમે મારા માટે કર્યું છે!"

જ્યારે તમે એમ કરશો ત્યારે બાઇબલના વચનો મુજબ આ જગતમાં અને સ્વર્ગમાં અનંતજીવન પ્રાપ્ત કરો ત્યારે સોગણું પામશો.

**"..સોગણા પામશે, ને અનંતજીવનનો વારસો પામશે."**
(માથ્થી ૧૯:૨૯)

આજે તમારું જીવન પ્રભુ ઈસુનો સોંપી દો અને નાનાંઓમાંના, ભંગીત હદયના, ગરીબ અને દુ:ખ સહન કરી રહેલા લોકોની સંભાળ રાખો. પ્રભુ તમને ઉંચકી લેશે અને સોગણો બદલો આપશે. પ્રભુ તમને યોગ્ય સમયે સઘળી ધનવાનતાનો આશીર્વાદ આપશે અને તમને આનંદિત તથા તૃપ્ત કરશે અને તમારા માટે સઘળું હિતકારક બનાવશે. પ્રભુ તમને આ આશીર્વાદ આપો.

**પ્રાર્થના:** મારા સ્વર્ગીય પિતા, તમારા વચનને માટે હું તમારો આભાર માનું છું. તમે આ વચનને મારા જીવનમાં પૂરું કરો અને મને આ સઘળા આશીર્વાદો આપો તે માટે હું પ્રાર્થના કરું છું. પ્રભુ હું તમારો આભાર માનું છું કે તમે મને તમારી ઇચ્છા પૂરી કરવા માટે અને આ ધનવાનતાનો આનંદ માણવા માટે તેડ્યો છે. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

આ સંદેશો જોવા માટે આ
QR Code સ્કેન કરો

# સામયિક ક્લબ સહભાગી

**તમારા વહાલાંઓને જીસસ કૉલ્સનું સામયિક આપીને તેમને પ્રભુનો પ્રેમ વહેંચો**

તમને સેંકડો લોકો મધ્યે આ 'મિશનરી પુસ્તિકા' મોકલવાના
કાર્ય સાથે જોડાવા દ્વારા એક ભેટ જીતવાની તક મળશે.




**૫ નવા અને એવાં વ્યક્તિઓને સામયિક ક્લબ સહભાગી તરીકે જોડો જેઓ ૧૦૦/- રૂપિયા દાન આપે અને તેમના નામ તથા સરનામા અમને મોકલો**

અમે તમને દિનાકરને લખેલા પુસ્તકોમાંનું કોઇ એક પુસ્તક ભેટ તરીકે મોકલીશું

તમે જેમની ચિંતા રાખો છો તેમને ઈસુનો પરિચય કરાવો

સામયિકમાં આપેલા પ્રબોધના વચનો યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિને સ્પર્શ કરશે

**આ તકનો ઉપયોગ શ્રેષ્ઠ ઉપયોગ કરો અને તમને એક ભેટ જીતવાની તક મળશે એટલું જ નહિ પણ સ્વર્ગ માટેની ભેટ તરીકે તમે એક આત્માને પણ જીતી શકશો.**

**તમે જે પાંચ વ્યક્તિઓને આ ક્લબ સાથે જોડવા માગો છો તેમની નીચે જણાવેલી વિગતો અમને મોકલો**

નામ : .......................................................................................................

સરનામું : ..................................................................................................

સામયિક માટે પસંદગીની ભાષા : ....................................................................

ઈ-મેઈલ : ...................................................... ફોન નંબર : ...............................

**દાન આપવાની વધુ વિગતો જાણવા માટે પાના નંબર ૧૨ જુઓ**



# દૈનિક સુવચનો

**નવેમ્બર ૨૦૨૧**

**1** **ગીતશાસ્ત્ર ૩૪:૯ – યહોવાનું ભય રાખો**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૧૨:૧; ૧૧૫:૧૧,૧૨; નીતિવચનો ૧૪:૨૬; ૧૯:૨૩; યશાયા ૩૫:૧૦

**નિર્ગમન ૩૪:૧૦ – અદ્દભુત** **2**
**મનન માટેના વચનો :** અયૂબ ૫:૯; ગીતશાસ્ત્ર ૮૬:૧૦; મીખાહ ૭:૧૫; લૂક ૫:૧૭-૨૬

**3** **યશાયા ૬૨:૫ – ઈશ્વર તમારા પર પ્રસન્ન થશે**
**મનન માટેના વચનો :** યશાયા ૬૫:૧૯; હબાક્કુક ૩:૧૮; સફાન્યા ૩:૧૭

**રોમનોને પત્ર ૬:૨૩ – અનંતજીવન** **4**
**મનન માટેના વચનો :** યોહાન ૫:૨૪; ૧૭:૩; રોમનોને પત્ર ૬:૨૨; ૧ યોહાન ૨:૨૫

**5** **ગીતશાસ્ત્ર ૩૦:૧૧ – આનંદના વસ્ત્રો**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૬:૧૧; યશાયા ૫૫:૧૨; યર્મિયા ૧૩-૧૪; ૩૧:૪; યોહાન ૧૫:૧૧

**માથ્થી ૫:૬ – ભરપૂર થાઓ** **6**
**મનન માટેના વચનો :** લેવીય ૨૫:૧૯; ગીતશાસ્ત્ર ૭૧:૮; યશાયા ૫૮:૧૧; લૂક ૧:૫૩; એફેસીઓને પત્ર ૩:૧૯

**7** **ગીતશાસ્ત્ર ૯૧:૪ – ઈશ્વરથી ઢંકાયેલા**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૩૩:૨૭; યશાયા ૪૯:૨; ૫૧:૧૬; રોમનોને પત્ર ૪:૭

**ગીતશાસ્ત્ર ૯૧:૫ – ધાસ્તી તમારી પાસે આવશે નહિ** **8**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૧૧:૨૫; નીતિવચનો ૩:૨૫,૨૬; યર્મિયાનો વિલાપ ૩:૫૭; યશાયા ૫૪:૧૪

**9** **૨ શમુએલ ૨૨:૨ – ઈશ્વર તમારો ખડક છે**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૬૨:૨,૬; યશાયા ૨૬:૪; ૧ કરિંથીઓને પત્ર ૧૦:૪

**ગીતશાસ્ત્ર ૧૮:૩૦ – ઈશ્વર આપણી ઢાલ છે** **10**
**મનન માટેના વચનો :** ઉત્પત્તિ ૧૫:૧; ૨ શમુએલ ૨૨:૩૧; ગીતશાસ્ત્ર ૨૮:૭; નીતિવચનો ૨:૭

**11** **યશાયા ૬૨:૧૨ – પ્રભુથી છોડાવાયેલા**
**મનન માટેના વચનો :** યશાયા ૩૫:૧૦; ૪૩:૧; ૫૨:૯; ૧ પિતર ૧:૧૮,૧૯; પ્રકટીકરણ ૫:૯,૧૦

**ગીતશાસ્ત્ર ૯૪:૧૯ – ઈશ્વરનો દિલાસો** **12**
**મનન માટેના વચનો :** યશાયા ૪૯:૧૩; ૫૧:૧૨; માથ્થી ૫:૪; ૨ કરિંથીઓને પત્ર ૧:૩-૫; ૭:૬

**13** **યશાયા ૬૫:૧૪ – ઈશ્વર તેમના સેવકોને ચાહે છે**
**મનન માટેના વચનો :** યશાયા ૫૬:૪-૭; ગીતશાસ્ત્ર ૩૪:૨૨; ૮૫:૮; ૧૩૫:૧૪; આમોસ ૩:૭; પ્રકટીકરણ ૨૨:૩

**પુનર્નિયમ ૪:૭ – ઈશ્વર બધાની પાસે છે** **14**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૩૪:૧૮; ૧૧૯:૧૫૧; ૧૪૫:૧૮; યશાયા ૫૫:૬; ફિલિપીઓને પત્ર ૪:૫

**15** **ઝખાર્યા ૨:૮ – દિવ્ય સલામતી**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૩૨:૯,૧૦; ૧ શમુએલ ૨૬:૧૧; નીતિવચનો ૩:૨૬

**ગીતશાસ્ત્ર ૧૪૦:૧૩- ન્યાયી જીવશે** **16**
**મનન માટેના વચનો :** નીતિવચનો ૨:૨૧; ૧૪:૧૧; યશાયા ૩:૧૦; હઝકીએલ ૩૩:૧૬; યોહાન ૫:૨૯; ૧ થેસ્સાલોનિકીઓને પત્ર ૩:૮

**17** **નીતિવચનો ૮:૩૫ – ઈશ્વરને શોધો અને પામો**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૪:૨૯; નીતિવચનો ૮:૧૭; યર્મિયા ૨૯:૧૩; માથ્થી ૭:૭; પ્રેરિતોના કૃત્યો ૧૭:૨૭

**નીતિવચનો ૧૦:૨૭ – ઈશ્વર તમારા દિવસોની વૃદ્ધિ કરશે** **18**
**મનન માટેના વચનો :** ૨ રાજાઓ ૨૦:૧-૬; ગીતશાસ્ત્ર ૨૧:૪; નીતિવચનો ૪:૧૦; ૯:૧૧; ૧૦:૨૭

**19** **યશાયા ૬૫:૨૩ – ઈશ્વર દ્વારા આશીર્વાદિત સંતાનો**
**મનન માટેના વચનો :** ઉત્પત્તિ ૨૬:૪; ગણના ૨૫:૧૩; ગીતશાસ્ત્ર ૧૧૫:૧૪-૧૫; યશાયા ૫૪:૩; ૬૧:૯; ૬૫:૨૩

**રોમનોને પત્ર ૧૫:૧૩ – આનંદથી ભરપૂર** **20**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૧૬:૧૧; ૨૧:૬; ૭૦:૪; પ્રેરિતોના કૃત્યો ૨:૨૮; ૧૪:૧૭; હિબ્રૂઓને પત્ર ૧૨:૨

**21** **૨ કરિંથીઓને પત્ર ૯:૭ – આનંદિત**
**મનન માટેના વચનો :** નહેમ્યા ૮:૧૦; નીતિવચનો ૧૭:૨૨; યશાયા ૫૮:૧૩,૧૪; હબાક્કુક ૩:૧૭,૧૮

**રોમનોને પત્ર ૮:૧૪ – પ્રભુથી દોરવણી પામેલા** **22**
**મનન માટેના વચનો :** ગીતશાસ્ત્ર ૨૫:૫; ૮૬:૧૧; યશાયા ૬૩:૧૧-૧૪; યોહાન ૧૬:૧૩; પ્રેરિતોના કૃત્યો ૧૦:૩૮

**23** **યોહાન ૧:૧૬ – ભરપૂરીપણું**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૨૮:૧૧; નીતિવચનો ૨૮:૨૦; એફેસીઓને પત્ર ૩:૧૯; ફિલિપીઓને પત્ર ૪:૧૮,૧૯

**નીતિવચનો ૨૯:૨૫ – સલામત રાખવામાં આવેલા** **24**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૩૩:૨૮; રૂથ ૨:૧૨; ગીતશાસ્ત્ર ૪૬:૧-૧૧; યોએલ ૩:૧૬

**25** **નીતિવચનો ૧૯:૧૭ – તમે ઉછીનું આપશો**
**મનન માટેના વચનો :** પુનર્નિયમ ૧૫:૫-૮; ૨૮:૧૨; ગીતશાસ્ત્ર ૩૭:૨૫,૨૬; ૧૧૨:૫; લૂક ૬:૩૫

**યશાયા ૩૦:૧૮ – યહોવા કૃપાળુ છે** **26**
**મનન માટેના વચનો :** નિર્ગમન ૩૩:૧૯; ગીતશાસ્ત્ર ૫૯:૧૭; ૧૦૩:૧૧; ૧૧૧:૪; યોહાન ૧:૧૬

**27** **ગણના ૧૮:૨૦ – યહોવાનો વારસો**
**મનન માટેના વચનો :** ઉત્પત્તિ ૧૭:૪-૮; યહોશુઆ ૧૪:૫-૯; ગીતશાસ્ત્ર ૯૪:૧૪; એફેસીઓને પત્ર ૧:૧૩

**ગલાતીઓને પત્ર ૬:૮ – પવિત્ર આત્મા દ્વારા દોરવણી પામેલ** **28**
**મનન માટેના વચનો :** રોમનોને પત્ર ૮:૧૪; ૧ કરિંથીઓને પત્ર ૨:૧૩; ગલાતીઓને પત્ર ૫:૨૫; એફેસીઓને પત્ર ૧:૧૩; ૨ પિતર ૧:૨૧

**29** **યશાયા ૪૬:૪ – ઈશ્વર તમને બચાવશે**
**મનન માટેના વચનો :** ૨ શમુએલ ૨૨:૪૯; ગીતશાસ્ત્ર ૧૦૭:૨૦; યર્મિયા ૩૯:૧૭; ૨ કરિંથીઓને પત્ર ૧:૧૦

**ગીતશાસ્ત્ર ૧૧૬:૫ – યહોવા કૃપાળુ છે** **30**
**મનન માટેના વચનો :** ઉત્પત્તિ ૨૧:૧; નિર્ગમન ૩૪:૬; ગણના ૬:૨૪-૨૬; ૧ શમુએલ ૨:૨૧; લૂક ૪:૨૨



આ માધ્યમો દ્વારા દિનાકરન પરિવાર વચનોના સત્યોને સમજાવે છે અને તમારા માટે પ્રાર્થના કરે છે
Facebook:Jesus Calls page Youtube: Subscribe to JesusCalls
Website: www.jesuscalls.org Family Channel Mobile App
Family Channel: Online at www.familychannel.org
cable TV networks
દરરોજ આ માધ્યમો દ્વારા તે જુઓ અને આશીર્વાદો પ્રાપ્ત કરો

આવા સમય માટે સ્થાપિત કરવામાં આવેલ જીસસ કૉલ્સનું ઈઝરાયલનું પ્રાર્થના ભવન યરૂશાલેમ શહેરના મધ્યમાં આવેલું છે અને યરૂશાલેમની સૌથી ઉંચી ઈમારતના સૌથી ઉપરના માળે આવેલું છે. આ પ્રાર્થના ભવન ઈઝરાયલ માટે તથા વિશ્વના બીજા દેશો માટે ઈશ્વર તરફથી આપવામાં આવતા પ્રબોધના પ્રકટીકરણો સાથેની એક દીવાદાંડી સમાન છે.

ઈશ્વરે ડૉ.પૉલ દિનાકરનને આ સ્થળેથી દેશોને માટે પ્રબોધ કરવા માટે પ્રાર્થના ભવનની સ્થાપના કરવાનું દર્શન આપ્યું હતું (કે મારું ઘર સર્વ પ્રજાઓને સારુ પ્રાર્થનાનું ઘર કહેવાશે – યશાયા ૫૬:૭) તે મુજબ ૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ ઈઝરાયલ પ્રાર્થના ભવનની



# ઈઝરાયલ પ્રાર્થના ભવન

## ઈશ્વરના વિશ્વાસુપણાના આઠ વર્ષ

સ્થાપના કરવામાં આવી હતી. યરૂશાલેમની શાંતિ માટે, વિશ્વની સરકારો માટે, વિશ્વમાં જાગૃતિ આવે તે માટે અને લોકોને ઈસુના બીજા આગમનને માટે તૈયાર કરવા માટે પ્રાર્થના મધ્યસ્થોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવે છે.






આ મહિનો તો પ્રભુએ આપેલા વચનની પરિપૂર્ણતાના આઠમું વર્ષ છે, અને ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરતાં અમે પ્રભુનો આભાર માનીએ છીએ અને અમારા મનો આનંદથી ભરાઇ જાય છે. કેમ કે પ્રભુએ અમને અત્યાર સુધી ચલાવ્યા છે અને તેમના બીજા આગમન સુધી અમને દોરશે. ઈશ્વરને ભલાઇ અને વિશ્વાસુપણાની ઉજવણી કરવા માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ. આ મહિનો તો ઈઝરાયલમાંથી વિશ્વભરમાં જીસસ કૉલ્સની આંતરરાષ્ટ્રીય સેવાઓ કરવાના આઠમા વર્ષની ઉજવણીની જાહેરાત કરવાનો મહિનો છે. તે આપણને ઈશ્વરના વચનોના સામર્થ્યને બતાવે છે.

આ પ્રાર્થના ભવનમાંથી ૨૪ કલાક પ્રબોધની પ્રાર્થનાઓ કરવામાં આવે છે. આખા વિશ્વના દેશોમાંથી પ્રાર્થના મધ્યસ્થો અહીં આવે છે અને મધ્યસ્થી કરે છે. આ પ્રાર્થના મધ્યસ્થો યરૂશાલેમમાં તેમનો સમય પૂરો કર્યા પછી તેમના દેશોમાં જાય છે ત્યારે પ્રભુ પોતાની યોજનાઓને તથા હેતુઓને તેમના પોતાના દેશ માટે બતાવે તે માટે પ્રભુ તેમનો પ્રબોધકો તરીકે ઉપયોગ કરે છે. પ્રભુનું ચમત્કાર કરનાર સામર્થ્ય તેમના દ્વારા તેમના દેશોમાં પ્રગટ થાય છે.

પ્રભુના વચન મુજબ જોઇએ તો “આઠ”નો આંકડો નવી શરૂઆતોને દર્શાવે છે. અમે અહીં યરૂશાલેમમાં નવી શરૂઆતો માટેના પ્રભુના કાર્યની તથા પવિત્રા આત્માને મોટા પ્રમાણમાં રેડી દેવામાં આવે એવી અપેક્ષા રાખીએ છીએ.



# સાક્ષી:

દક્ષા પરમાર કહે છે કે,

“લગભગ ૬ મહિનાથી હું મારા જીવનમાં ઘણી અડચણોનો સામનો કરી રહી હતી. હવે શું કરવું અને કોના પર ભરોસો કરવો તે હું જાણતી નહોતી, કેમ કે હું તો ઘરથી દૂર છું. હું ખૂબ જ નિરાશ અને એકલી હતી. મારા પતિ કેદમાં હતા અને તેમના પર ખોટો આરોપ મૂકવામાં આવ્યો હતો. મેં લોકોને તેમના માટે એવી સાક્ષી આપીને મારા પતિને છોડાવવાનો પ્રયત્ન કર્યો હતો કે તેઓ એક સારા માણસ છે, પરંતુ તેમણે નાણાં લીધા અને કોર્ટમાં સાક્ષી આપવા માટે આવ્યા જ નહિ. હું ખૂબ જ છેતરાઈ હતી. આવી પરિસ્થિતિમાં હું ઈઝરાયલના પ્રાર્થના ભવનમાં આવી અને પ્રભુને વિનંતી કરી. અંતે ૩ મહિના પછી ઘણી પ્રાર્થનાઓ અને ઉપવાસ પછી પ્રભુએ અમારો કેસ મજબૂત કર્યો અને મારા પતિ પરના બધા આરોપો દૂર કરીને તેમને મુક્ત કરવામાં આવ્યા. ફક્ત પ્રભુને જ મહિમા હોજો. ઈઝરાયલના પ્રાર્થના ભવનમાં મારા માટે પ્રાર્થના કરાવનાર દરેક પ્રાર્થના મધ્યસ્થનો હું આભાર માનું છું.”









## “યરૂશાલેમમાં પ્રાર્થનાની દિવાલ”

બાઈબલમાં જણાવ્યા મુજબ આપણે અંતના દિવસોમાં જીવી રહ્યા છીએ, જ્યાં બીમારી, વિપત્તિઓ અને અચોક્કસતા જોવા મળે છે. જો કે આપણી પાસે એવા પ્રેમાળ પ્રભુ છે જે તેમના બાળકોનું પોતાની પાંખો તળે રક્ષણ કરે છે (ગી.શા. ૯૧:૪) તેથી આપણે ઉત્તેજન પામી શકીએ છીએ. ઈઝરાયલ પ્રાર્થના ભવનમાં અમે આ પરિસ્થિતિઓમાં તમારી સાથે સંમત થઈને પ્રાર્થના કરવા માટે તૈયાર છીએ, તેથી જ અમે ‘યરૂશાલેમમાં પ્રાર્થનાની દિવાલ’ એ શિર્ષક હેઠળ એક વેબ પોર્ટલ બનાવ્યું છે, જેમાં તમે તમારી પ્રાર્થના વિનંતીઓ આપી શકો છો. તેમાં પોસ્ટ કરવામાં આવેલી દરેક પ્રાર્થના વિનંતીઓને લઈને અમારા અભિષિક્ત પ્રાર્થના મધ્યસ્થો અને દિનાકરન પરિવાર પ્રાર્થના કરશે. પ્રભુ ચોક્કસપણે યોહાન ૧૪:૧૪ કહે છે તેમ “જે કંઈ તમે મારે નામે માગશો તે હું કરીશ” એ વચન મુજબ આપણી પ્રાર્થનાઓના ઉત્તરો આપશે.

**આજે જ તમારી પ્રાર્થના વિનંતીઓ અમને જણાવો. ઈઝરાયલ પ્રાર્થના ભવનની વેબસાઈટ પર લોગ ઈન કરો!**

*અમે તમારા માટે પ્રાર્થના કરવા હંમેશા તૈયાર છીએ.*

## “યરૂશાલેમ માટે પ્રાર્થના કરો”

બાઈબલ ઈઝરાયલ વિશે કહે છે કે “તે એવો દેશ છે જેના વિષે તેનો દેવ યહોવા કાળજી રાખે છે; આખું વર્ષ તેના આરંભથી તે અંત સુધી યહોવા તેના દેવની નજર હંમેશા તેના પર રહે છે” (પુનર્નિયમ ૧૧:૧૨). આ વચનમાં આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વર માટે ઈઝરાયલ દેશ કેટલો મૂલ્યવાન છે. આ વાતને ધ્યાનમાં રાખીને અમે ઈઝરાયલ પ્રાર્થના ભવન તરીકે એક એવું પ્રાર્થનાનું પોર્ટલ બનાવ્યું છે જેમાં તમે ઈઝરાયલ માટે પ્રાર્થના કરવા માટે તમારા અનુકુળ સમયે જોડાઈ શકો છો. તમારો અનુકુળ સમય નક્કી કરીને ઈઝરાયલ તથા યરૂશાલેમની શાંતિને માટે પ્રાર્થના કરો, અમારી વેબસાઈટ www.israelprayertower.org જુઓ. આ પ્રયત્નમાં થવું તે એક મોટો લહાવો છે. પ્રભુ તમને અને તમારાં વહાલાંઓને લૂક ૧૧:૨૮ મુજબ આશીર્વાદ આપો. તે વચન એમ કહે છે કે, “જેઓ ઈશ્વરનું વચન સાંભળે છે અને પાળે છે તેમને ધન્ય છે.”

**- શ્રીમાન કિથ સોર્સ,**

ઈઝરાયલ પ્રાર્થના ભવન કોઓર્ડિનેટર,


**Jerusalem Centre for Peace and Truth,**
**City Tower, 20th Floor, 34 Ben Yehuda Street, Jerusalem**
**+972 539049306 / keith.soares@karunyaisrael.com.**
**Website: www.israelprayertower.org**



### ઈશ્વર કરૂણામય પિતા છે

# મારા હૃદયના ઊંડાણથી...

આ સ્થળે વિવિધ સમુદાયો પ્રભુની સ્તુતિ આરાધના કરે છે અને પ્રભુની હાજરીનો આનંદ માણે છે.

***સેવામાં મારા વહાલા સહભાગી,***

પ્રભુ ઈસુના નામમાં પ્રેમી સલામ! પ્રભુએ આપણને નવેમ્બર મહિનામાં પ્રવેશ કરવાની તક આપી છે – આ મહિનો તો પાછલા ૧૦ મહિનાઓ દરમ્યાન પ્રભુની ભલાઈનો આભાર માનવાનો મહિનો છે. પ્રભુના પ્રેમનો અંત નથી અને આ મહિના માટે તેમણે જે વચન આપ્યું છે તેમાં તે પ્રગટ થાય છે.

***"યહોવાના સંતો, તેનું ભય રાખો; કેમ કે તેનું ભય રાખનારાને કંઈ ખોટ પડતી નથી."*** (ગીતશાસ્ત્ર ૩૪:૯)

પ્રભુની સ્તુતિ થાઓ! પ્રેમથી ભરેલું પ્રભુનું હૃદય એ વાતની ખાતરી કરે છે કે તેમનાં બાળકો પાસે બધું જ હોય અને તેમને કશાની કમી ન હોય. સિંહના બચ્ચાંને તંગી પડશે પણ પ્રભુના બાળકોને કંઈ ખોટ પડશે નહિ.

## દેશો પર દિવ્ય અધિકાર

***"હે પ્રભુ, જે સર્વ પ્રજાઓને તેં ઉત્પન્ન કરી છે, તેઓ આવીને તારી આગળ પ્રણામ કરશેઃ અને તેઓ તારા નામનો મહિમા ગાશે."*** (ગીતશાસ્ત્ર ૮૬:૯)

૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ સ્થાપિત કરવામાં આવેલ ઈઝરાયલના પ્રાર્થના ભવનના ૮ વર્ષ પૂરા થાય છે અને તે વિશ્વના દેશોને સ્પર્શે છે. પવિત્ર આત્મા વિશ્વભરમાંથી આવતા મુલાકાતીઓને દેશો માટેના દર્શનો સાથેની પ્રબોધવાણીઓ આપે છે, તે પ્રબોધવાણીઓ પ્રભુના મહિમાને માટે પૂરી થાય છે.

## આભાર સાથેની યાદ

***"...જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરી નહિ જાય, તો તે એકલો રહે છે; પણ જો તે મરી જાય, તો તે ઘણાં ફળ આપે છે."*** (યોહાન ૧૨:૨૪)

૪ નવેમ્બરના રોજ મારી વહાલી બહેન એન્જલનો જન્મદિવસ છે. તેને ગુમાવવાનું દુઃખ હોવા છતાં અમે તેને એક ઘઉંના દાણાની જેમ યાદ કરીએ છીએ, જે ભોંયમાં પડીને મરી ગયો પણ તેણે ઘણા ફળ ઉપજાવ્યાં. હા, તે એ બી છે જેના પર આજે શિક્ષણની શ્રેષ્ઠતા સમાન કારુણ્યા યુનિવર્સિટી ઊભી છે. કારુણ્યા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા અગણિત લોકો તારાઓની જેમ પ્રકાશે છે અને માનવીય સમસ્યાઓના ઉકેલ લાવવાના તથા વિશ્વભરમાંના સમુદાયોમાં બદલાણ લાવવાના પ્રયત્નો કરી રહ્યાં છે.

## અમૂલ્ય સંપત્તિ

***"ઈસુએ કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા..."*** (માર્ક ૧૦:૧૪)

બાળ દિનની ઉજવણી સમયે આપણે યાદ કરીએ છીએ કે તેઓ આપણા દેશની અમૂલ્ય સંપત્તિ છે! બાળ દિનને ધ્યાનમાં રાખીને ૨૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ છુટકારાના દિવસે બાળકો માટે ખાસ પ્રાર્થના કરવામાં આવશે. બધા જ પ્રાર્થના ભવનોમાં

આ દિવસે 'બાળકો – ઈશ્વરની પ્રેમભેટ' એ વિષય પર વિવિધ સ્પર્ધાઓ યોજાનાર છે. તેના વિષેની વધારે વિગતો સામયિકમાં આપેલી છે.

## જ્યારે ખાંડ મીઠી લાગતી નથી

***"તે તારા અન્નજળને આશીર્વાદ આપશે; અને હું તારી મધ્યેથી રોગ દૂર કરીશ."*** (નિર્ગમન ૨૩:૨૫)

૧૪ નવેમ્બરના રોજ વિશ્વ મધુપ્રમેહ દિન છે. અગણિત લોકોને મધુપ્રમેહની અસર થઈ છે અને તે અસર વૃદ્ધિ પામી રહી છે. તેને માટેની યોગ્ય દવાઓ અને ખોરાક લેવાની અને કસરત કરવાની જરૂર છે. આ વર્ષનો વિષય છે, "ડાયાબિટીસની સંભાળની વૃદ્ધિ" એ વિષય યોગ્ય છે. આવો, આપણે પ્રાર્થના કરીએ કે પ્રભુ ડાયાબિટીસના અસરગ્રસ્તોને સાજાં કરે.

## સમુદાય કલ્યાણ

**"દરિદ્રી પર દયા રાખનાર તેને માન આપે છે."** (નીતિવચનો ૧૪:૩૧)

૨૫ નવેમ્બર ૨૦૦૩ના રોજ સ્થાપવામાં આવેલ સીશા દ્વારા શિક્ષણ, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને આજીવિકા ક્ષેત્રે કાર્યો કરવામાં આવે છે. સમાજના વિવિધ ક્ષેત્રોના લોકો અને ખાસ તો જેમને દાક્તરી સારવારની કે કુદરતી આપત્તિઓના અસરગ્રસ્તોને રાહતની જરૂર છે તેમને સહાય પૂરી પાડવામાં આવે છે. જરૂરિયાતમંદ લોકોને સીશા કારુણ્યા કોમ્યુનિટી હોસ્પિટલ, ડે કેર સેન્ટરો, સીશા ટ્રાન્સફોર્મેશન કેંદ્ર, પુનર્વસન કેન્દ્ર, કેર હોમ અને મફત વ્યાવસાયિક તાલીમ અને ટ્યુશન કેન્દ્રો દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. સીશાની ટીમ દ્વારા કોરોના વાયરસના સંકટ સમયે પણ સામાન્ય લોકોની તાકીદની જરૂરિયાતો અને સ્વાસ્થ્યની સંભાળ લેવામાં આવે છે.

## સુસજ્જ અને સશક્ત કરવામાં આવેલ

***"પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારુ તેણે મારો અભિષેક કર્યો છે."*** (લૂક ૪:૧૮)

પ્રભુએ ૨૦ નવેમ્બર ૧૯૮૦ના રોજ મારો અભિષેક કર્યો હતો. હા, પ્રભુએ તેમની કૃપામાં મને આ સેવાને માટે સુસજ્જ અને સશક્ત કર્યો છે. પ્રભુની કૃપાએ મને આટલા વર્ષો સુધી નિભાવી રાખ્યો છે.

## KATE – દર્શન સાથેની યાત્રા

પ્રભુએ અમને બીજા એક સફળ શૈક્ષણિક વર્ષને પૂરું કરવા માટે સહાય કરી છે તેને માટે અમે પ્રભુના આભારી છીએ. અમે પ્રભુના વિશ્વાસુપણાની ઉજવણી કરીએ છીએ. પ્રભુ ૨૦૨૦-૨૧ના પડકારજનક શૈક્ષણિક વર્ષ દરમ્યાન અમારી સાથે રહ્યા છે તેને માટે અમે પ્રભુનો આભાર માનીએ છીએ. અમે અમારા શિક્ષણમાં પવિત્ર આત્મા અને બાઈબલને મહત્વ આપીએ છીએ અને ઈસુની જેમ શેરીઓમાં જઈને સુવાર્તા પ્રગટ કરનારા સેવકોને ઉભા કરવાના હેતુ સાથે તેમને તાલીમ આપીએ છીએ. અમે સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા અને બીજા ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચલાવીએ છીએ. ૧૪૦ વિદ્યાર્થીઓએ તેમાં નામ

# તમે તમારા પિતાના આશીર્વાદોનો ખરા અર્થમાં આનંદ માણશો

નોંધાવ્યું છે અને આશીર્વાદિત થયા છે. દ્વછ્ઈના વિદ્યાર્થીઓને ભારતભરના જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનોમાં સેવા કરવાની તક પ્રાપ્ત થશે. અમે વિદ્યાર્થીઓને પાળકોને અને આપણા સમાજના વિવિધ ક્ષેત્રોના લોકોને માટે ઓનલાઈન કાર્યક્રમોનું પણ આયોજન કર્યું છે. કોઈપણ માહિતી માટે અમારી પ્રવેશ ટીમનો સંપર્ક કરશો.

## આનંદિત અને સાથે

***"ભાઈઓ સંપસંપીને રહે તે કેવું સારું તથા શોભાયમાન છે!"*** (ગી.શા. ૧૩૩:૧)

આનંદિત કૌટુંબિક જીવન તો એક મોટામાં મોટી ભેટ છે અને પ્રેમ આપણને સાથે રાખે છે. ૨૪ કલાક ચાલતી તમિલ ટી.વી. ચેનલ પરિવારોને ઈશ્વરના પ્રેમની ઉજવણી કરવા માટે સાથે લાવે છે અને આ ચેનલ પર બધા જ વયજૂથના લોકો માટેના ખાસ કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે. દર શુક્રવારે જુવાનો માટે રાત્રે ૯:૦૦ કલાકે યુટર્ન દ્વારા જીવંત કાર્યક્રમ પ્રસારીત કરવામાં આવે છે. ભાઈ સેમ્યુલ દિનાકરન, ડૉ.શિલ્પા દિનાકરન અને સ્ટેલા રમોલા તે કાર્યક્રમ પ્રસારીત કરે છે. શનિવારે હું અને મારી પત્ની ઈવેન્જલિન રાત્રે ૮ કલાકે તમિલ ભાષામાં અને ૯:૩૦ કલાકે બીજી ભાષાઓમાં જીવંત કાર્યક્રમનું આયોજન કરીએ છીએ. આ કાર્યક્રમ દરમ્યાન પ્રાર્થના વિનંતીઓ આપવા માટે તમે અમને ફોન કરી શકો છો. ભૂલ્યા વગર આ કાર્યક્રમ જુઓ અને પ્રભુના મોટા અને પરાક્રમી ચમત્કારોના સાક્ષી બનો.

મારા મમ્મીએ 'A Family life united with Christ' શિર્ષક હેઠળ એક પુસ્તક લખ્યું છે, જે તમિલ ભાષામાં ઉપલબ્ધ છે, જલદી તે અંગ્રેજીમાં અને બીજી ભાષાઓમાં પણ ઉપલબ્ધ થશે.

***"મારા સંકટમાં મેં યહોવાને વિનંતી કરી, અને તેણે***

***પોતાના પવિત્રસ્થાનમાંથી મારો અવાજ સાંભળ્યો.''***
(ગીતશાસ્ત્ર ૧૮:૬)

## ટેલિફોન દ્વારા સહાય

જીવનની વિવિધ પરિસ્થિતિઓમાં પ્રાર્થનાની સહાય માટે ૩૬૫ દિવસમાં ગમે તે સમયે (+૯૧-૪૪ ૪૫ ૯૯૯ ૦૦૦) નંબર પર ફોન કરી શકો છો. તાલીમબદ્ધ અને અભિષિક્ત પ્રાર્થના મધ્યસ્થો તમારી દરેક જરૂરિયાતોને માટે વિશ્વાસુપણે પ્રાર્થના કરાવશે. બધી મુખ્ય ભાષાઓમાં આ સેવા ઉપલબ્ધ છે.

## પ્રાર્થના દ્વારા તાકીદની સંભાળ

પ્રાર્થનાની સહાય માટે તમે જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનની મુલાકાત લઇ શકો છો. પ્રાર્થના ભવનો સવારના ૮:૦૦ થી રાતના ૮:૦૦ દરમ્યાન ખુલ્લાં રહે છે. સરકારી ધારાધોરણોને ધ્યાનમાં રાખીને પ્રાર્થના ભવનો કાર્ય કરે છે. ત્યાં તમે આશીર્વાદની સભાઓમાં ભાગ લઇ શકો છો, પ્રાર્થના કરેલ તેલ પ્રાપ્ત કરી શકો છો અને ચેપલમાં ઈશ્વરની હાજરીમાં બેસી શકો છો. તમારા વિસ્તારમાં આવેલ પ્રાર્થના ભવનનું સરનામું જાણવા માટે ૦૪૪-૨૩૪૫૬૬૭૭ નંબર પર સવારનાર ૭ થી રાતના ૯ દરમ્યાન સંપર્ક કરો અથવા અમારી વેબસાઇટ www.jesuscalls.org ની મુલાકાત લો.

## વ્યક્તિગત નેટવર્ક

પત્રો, ઇ-મેઇલ, વેબસાઇટ કે ફેસબુક દ્વારા તમે પ્રાર્થના વિનંતી મોકલી શકો છો. તેની વિગતો પાના નંબર ૨૮ પર આપેલી છે. પ્રાર્થના કર્યા પછી તમને પ્રભુના વચન સાથેના પ્રત્યુત્તરો મોકલવામાં આવશે.

## ઓનલાઈન પ્રાર્થના

વૈશ્વિક મહામારીને લીધે બધું ઓનલાઇન થઇ ગયું છે. 'આશાનો સમય' આ શિર્ષક હેઠળ ઝૂમ એપ દ્વારા હું અને મારી પત્ની પ્રભુનું વચન આપીએ છીએ અને જોડાનારા લોકોને માટે પ્રાર્થના કરાવીએ છીએ. તમે તમારા વિસ્તારના જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનનો સંપર્ક કરી શકો છો, અથવા સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન ૦૪૪-૨૩૪૫૬૬૭૭ નંબર પર સંપર્ક કરી શકો છો, અથવા ૯૦૧૫૪૫૫૪૫૫ નંબર પર મિસ્ડ કૉલ કરીને ઝૂમ એપની સભામાં જોડાઇ શકો છો.

વહાલાંઓ, ફરી એકવાર હું આ સેવાને માટે, મારા પરિવાર માટે અને મારા માટે તમારી પ્રાર્થના કરવાની વિનંતી કરું છું. પ્રભુની કૃપા અને તમારી પ્રાર્થનાઓ અમને નિભાવી રાખે છે. આ મહિને આપેલા વચન મુજબ પ્રભુનું ભય રાખો અને પ્રભુ તમને કંઇ ખોટ પડવા દેશે નહિ.

***"યહોવાના સંતો, તેનું ભય રાખો; કેમ કે તેનું ભય રાખનારાને કંઈ ખોટ પડતી નથી.''*** (ગીતશાસ્ત્ર ૩૪:૯)

હું તમારા પર અને તમારું જે છે તે દરેક પર પ્રભુના ભરપૂર આશીર્વાદોની ઘોષણા કરું છું.

**તમારા માટે પ્રાર્થના કરનાર તમારો વહાલો ભાઇ,**

**ડૉ.પૉલ દિનાકરન**


"લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે.''
પ્રેરિતોના કૃત્યો ૨૦:૩૫

ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરવાનું રહસ્ય તો ઈશ્વરના રાજ્યમાં વાવવાનું છે.




SIMPLE WAYS TO SUPPORT THE MINISTRY

SCAN THIS QR CODE TO SUPPORT US THROUGH ALL UPI APPS
Paytm G Pay BHIM पे
scan here
JESUS CALLS

DOWNLOAD NOW
DOWNLOAD THE JESUS CALLS APP FOR EXTENDING YOUR SUPPORT

UPI ID
UNIFIED PAYMENTS INTERFACE
jesuscalls@indus

Through website visit
www.jesuscalls.org

**ONLINE TRANSFER:**
Beneficiary Name: **JESUS CALLS**
Account No.: **000901056144** Bank: **ICICI Bank Ltd., Nungambakkam Branch, Chennai 600 034.**
IFS Code: **ICIC0000009**

THROUGH **Electronic Money Order** (EMO) / **Demand Draft / Cheque** (CTS Cheque) drawn in favour of **"Jesus Calls"** can be sent by Registered Post to the address:
**Prayer Tower, 16, Dr. D.G.S. Dhinakaran Road, Chennai - 600 028.**

**IN PERSON: AT THE PRAYER TOWER IN YOUR AREA**

*BANK TRANSFER DETAILS CAN BE INTIMATED through the email ids admin@jesuscalls.org / partnercare@jesuscalls.org*

**FOR MORE DETAILS, PLEASE GIVE A MISSED CALL TO 90154 55455. OUR TEAM WILL GUIDE YOU.**

જીસસ કોલ્સના બધા જ પ્રાર્થના ભવનોમાં

# બાળ દિનની ઉજવણી

નવેમ્બર ૧૪ ૨૦૨૧ના રવિવારે



* વિવિધ પ્રકારની સ્પર્ધાઓ અને મોટા ઈનામો
* ગીતો અને ઈશ્વરના વચનો સાથેની ખાસ સભા


**'છોકરાં તો યહોવાનું આપેલું ધન છે...'**
(ગીતશાસ્ત્ર ૧૨૭:૩)

***પ્રાર્થના ભવનોમાં યોજાનારી સ્પર્ધાઓ :***

* ૩-૫ વયજૂથના બાળકો માટે ગીતશાસ્ત્રની મુખપાઠ સ્પર્ધા (ગીતશાસ્ત્ર ૧૨૧ અને ૧૨૬)
* ૬-૮ વયજૂથના બાળકો માટે ગીતશાસ્ત્રની મુખપાઠ સ્પર્ધા (ગીતશાસ્ત્ર ૩૨ અને ૩૪)
* ૯-૧૨ વયજૂથના બાળકો માટે ચિત્ર સ્પર્ધા
  વિષય : 'ઈસુનો ચમત્કાર' – ઈસુએ કરેલા ચમત્કારમાંનો કોઈ એક ચમત્કાર
  (સહભાગીઓએ સ્પર્ધા માટે જરૂરી સ્ટેશનરી લાવવી)

* **૧૩-૧૭ વયજૂથના બાળકો માટે *નિબંધ સ્પર્ધા***
  વિષય : 'ઈસુ અને હું' – તમે ઈસુ પાસેથી પ્રાપ્ત કરેલા આશીર્વાદ
  વિશે જણાવો (શિર્ષક સાથે ૧૫-૨૦ વાક્યો જ લખવા)

*વધુ વિગતો માટે તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનનો સંપર્ક કરો.*
*તમારા વિસ્તારની નજીકમાં આવેલા પ્રાર્થના ભવન વિષે જાણવા માટે મુલાકાત લો*
*જીસસ કોલ્સની વેબસાઈટ :* ***www.jesuscalls.org***
*ફોન કરો : +૯૧- ૪૪-૨૩૪૫ ૬૬૭૭ (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન)*



## જેઓ એવા વિસ્તારમાં રહે છે જ્યાં પ્રાર્થના ભવન નથી એવા લોકો માટે સારી તક ઉપલબ્ધ છે...

***એક એક્શન ગીત ગાઓ (૫-૧૩ વયજૂથના બાળકો માટે)***

વિષય : શિર્ષકમાં "બાળકો" હોય એવા ગીતો ગાવા
એક્શન સાથે ગીત ગાઓ અને ૫ મિનિટનો વિડિયો રેકોર્ડ કરીને ઈ-મેઈલ દ્વારા અમને contest@jesuscalls.org પર મોકલો. શ્રેષ્ઠ ૩ ગીતોને ઈનામ આપવામાં આવશે; ૧૦ આશ્વાસન ઈનામો પણ આપવામાં આવશે.
તમારું નામ, ઉંમર, સરનામું અને ફોન નંબર સાથે આ વિડિયો મોકલશો.

૩૦ નવેમ્બર પહેલાં નીચેના સરનામે તમારી વિગતો મોકલશો.






## સિકંદરાબાદ પ્રાર્થના ભવન

## એક ખાસ નજર



# શું પાર્વતીના પતિ પાછા આવ્યા?



પાર્વતીના માતાએ તેના પતિને પાર્વતી અને તેનાં ત્રણ બાળકો પાસે આવવા સંમત કરવા ઘણા પ્રયત્નો કર્યા હતા. તેણીએ દરરોજ પ્રાર્થનાઓ કરી હતી. ૨૨ વર્ષની છોકરી ૩ બાળકો સાથે શું કરશે?

એક દિવસે જ્યારે તેની માતા પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે પાર્વતી તેમની પાસે ઊભી હતી. એવી નિરાશાજનક પરિસ્થિતિમાં તેણીએ એક અવાજ સાંભળ્યો કે, “તમારા હૃદયોને વ્યાકુળ થવા દેશો નહિ”. તેણીએ એ અવાજની દિશામાં જોયું તો એ તો દેવળમાંથી આવતો અવાજ હતો.

“મેં પ્રાર્થના તો કરી લીધી છે. હવે હું દેવળમાં જાઉં અને જે વ્યક્તિ બોલી રહ્યા છે તેમને સાંભળું. કેમ કે મારું હૃદય વ્યાકુળ તો છે.” એવા વિચારે પાર્વતી તેના ઘરની સામે આવેલ દેવળમાં ગઈ.

### વ્યાકુળ હૃદય

દેવળ લોકોથી ભરાઈ ગયું હતું. તેમની આગળ એક વ્યક્તિ ઊભા રહીને બોલી રહ્યા હતા. તેઓ જે શબ્દો બોલ્યા તેનાથી પાર્વતીના હૃદયને સ્પર્શ થયો હતો. તે દિલાસો આપનારું હતું. પાર્વતીને એમ લાગ્યું કે તે એ વ્યક્તિની વાતોને સાંભળ્યા જ કરે. પછી તેમણે એવી જાહેરાત કરી કે સેલમમાં ત્રણ દિવસની સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે અને એ જ વ્યક્તિ ત્યાં સંદેશો આપશે. જ્યારે તેણીએ ત્યાં આવેલા લોકો પાસેથી માહિતી પ્રાપ્ત કરી તો તેને જાણવા મળ્યું કે તે વ્યક્તિનું નામ તો ભાઈ ડી.જી.એસ.દિનાકરન છે. આ ઘટના ૧૯૭૦માં બની હતી.

***“તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો. તમે દેવ પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ રાખો.*** (યોહાન ૧૪:૧)

પાર્વતી તમિલનાડુના સેલમમાં યોજાયેલ તે સભામાં ગઈ. ભાઈ ડી.જી.એસ.દિનાકરને તે સભાઓમાં સંદેશા આપ્યા અને પ્રાર્થનાના સમય દરમ્યાન તેઓ બોલ્યા કે, “અહીં એક બહેન આવ્યા છે જેમનું હૃદય ભગીત છે. તમારા પતિ પાછા આવશે.” તેણીએ વિચાર્યું કે ૫૦૦૦ કરતાં વધારે લોકો આ સભામાં છે, તો કેવી રીતે હું જાણી શકું કે તેઓ મારા માટે જ આ વાત કહી રહ્યા છે? છતાં પણ તેના હૃદયમાં આશા જન્મી હતી.

પાર્વતીએ પ્રભુનું વચન આપનાર ભાઈ ડી.જી.એસ.દિનાકરન વિષે વધારે માહિતી પ્રાપ્ત કરી તો તેને જાણવા મળ્યું કે તેઓ તો મેટુર ડેમ નજીક રહે છે. ત્યાં તો પાર્વતીનું ઘર પણ હતું. કેવો આનંદ! ત્યારબાદ પાર્વતી નિયમિતપણે તે સભામાં જવા લાગી.

## પોસ્ટ કાર્ડ પરની માહિતી

***"હવેથી નવી ને ગુપ્ત રાખેલી બિનાઓ કે જે તેં જાણી નથી, તે હું તને કહી સંભળાવું છું"*** (યશાયા ૪૮:૬)

તહેવારના સમયે પાર્વતીને એક પોસ્ટ કાર્ડ પ્રાપ્ત થયો હતો. તેના પર લખેલું હતું કે, "તમારા પતિ તેમના ઘરે પાછા આવી રહ્યા છે." તેના પતિ જ્યારે મેટુર ડેમ વિસ્તારમાં એક સરકારી ખાતામાં નોકરી કરતા હતા ત્યારે તેમણે ઘર છોડ્યું હતું. તેમનું વતન તો તન્જોર જિલ્લો હતું. પાર્વતી તેના ત્રણ બાળકોને લઇને તન્જોર ગઇ. તેના પતિના સગાંને તેમને અચાનક આવેલા જોઇને આશ્ચર્ય થયું. પાર્વતીના પતિ વેંકટરામન ત્યાં હતા.

પાર્વતીના સાસુએ ગુસ્સથી તેને પૂછ્યું કે, "તને કોણે કહ્યું કે મારો દીકરો અહીં આવ્યો છે?" પાર્વતીએ કહ્યું કે, "હું નથી જાણતી કે મને કોણે પત્ર લખ્યો હતો. મેં તો પોસ્ટ કાર્ડ પર માહિતી જોઇ અને અહીં આવી છું."





તેના પતિના સગાં તેમના લગ્ન બીજી છોકરી સાથે કરાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ પાર્વતીએ દઢ મનથી એ પરિસ્થિતિનો સામનો કર્યો. અંતે વેંકટરામને પોતાની પત્ની અને બાળકો સાથે રહેવાનો નિર્ણય કર્યો અને તેમને લઇને હૈદરાબાદ જતા રહ્યા.

પાર્વતી જ્યારે મેટુર ડેમ વિસ્તારમાં રહેતી હતી ત્યારે ભાઇ દિનાકરને તેને આપેલું એક બાઇબલ તેની પાસે હતું, પણ તેના પતિને આત્મિક બાબતોમાં પોતાની પત્નીનું સહભાગી થવું પસંદ નહોતું. તે સમયે સમસ્યાઓ ઊભી થઇ હતી. એ પરિસ્થિતિમાં ચોથા બાળકનો જન્મ થયો. જ્યારે તે બાળક એક વર્ષનું થયું ત્યારે તેને એક રોગ લાગુ પડ્યો જે જીવનભર રહે એવો રોગ હતો. તેમણે વિચાર્યું કે તે બાળક મરી જશે, પણ તે બચી ગયું.

## પીછો કરનાર હાથ

***"જો હું આકાશમાં ચઢી જાઉં, તો તું ત્યાં છે; જો હું શેઓલમાં મારી પથારી નાખું, તો ત્યાં પણ તું છે."*** (ગીતશાસ્ત્ર ૧૩૯:૮)

જ્યારે ચેન્નાઇમાં આવેલા મરિના બીચ પર સુવાર્તાની સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે વેંકટરામન તેમની પત્ની અને બાળકો સાથે હૈદરાબાદથી ચેન્નાઇ તે સભામાં ભાગ લેવા માટે ગયા હતા. ભાઇ ડી.જી.એસ. દિનાકરને તે સભાઓમાં પ્રચાર કર્યો હતો. તે સભાઓ પાંચ દિવસની હતી. એક દિવસે ભાઇ દિનાકરને જ્યાં વેંકટરામન બેઠા હતા તે દિશામાં હાથ કરીને કહ્યું કે, "તમારી પાપી પ્રવૃત્તિઓ તમારા બાળકના દુઃખનું કારણ છે. તેને છોડી દો." બીજા દિવસે વેંકટરામન બીજી દિશામાં બેઠા હતા. તે દિવસે ફરીથી ભાઇ દિનાકરને તેમના તરફ હાથ કરીને ફરીથી ચેતવણી આપી હતી.

વેંકટરામને વિચાર્યું કે, "હું બીજી દિશામાં બેઠો છું તોપણ તેઓ મારી તરફ હાથ કરીને કહી રહ્યા છે" અને એમ તેમનો તેમની પાપી પ્રવૃત્તિઓમાંથી છુટકારો થયો. તેમણે રેડિયો અને ગ્રામોફોન રેકોર્ડ પર ભાઇ દિનાકરનના સંદેશાઓ અને ગીતો સાંભળ્યા. કુટુંબ તરીકે તેઓ જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીના સહભાગી બન્યા હતા.

તેમનું ચોથું બાળક તો 'વિશ્વાસના દૂત' જેવું હતું અને તેનાથી આખું કુટુંબ ઈશ્વરની નજીક આવ્યું અને જગતનું જીવન છોડી દીધું. જો કે દંપત્તિ તરીકે વેંકટરામન, પાર્વતી અને તેનાં ત્રણ બાળકો સ્ટેલા, શાંતિ અને એસ્તેર જયંતી અને હેપ્સિબા ભાનુમતિ જીસસ કૉલ્સની સભાઓમાં ભાગ લેતા અને સ્વૈચ્છિક સેવા આપતા હતા.

સ્ટેલા શાંતિએ સામર્થ્ય પ્રશિક્ષણ સેવાની ૧૬મી અને એસ્તેર જયંતી તથા હેપ્સિબા ભાનુમતીએ ૨૧મી બેચમાં ભાગ લીધો હતો અને જીસસ કૉલ્સના સુવાર્તિક બન્યા હતા.

## પ્રાથના ભવન માટેની પ્રાર્થના

પ્રભુએ આ સુવાર્તિકોનો સિકંદરાબાદમાં સામર્થી રીતે ઉપયોગ કર્યો હતો. સિકંદરાબાદમાં અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતા જીસસ કૉલ્સના મધ્યસ્થો અને એલચીઓ દર બીજા

શનિવારે વેસ્લી ચર્ચના ઉપરના માળે એકઠા થઇને પ્રાર્થના કરતા હતા. થોડા દિવસો સુધી આ પ્રાર્થના વાય.એમ.સી.એ.ના હોલમાં પણ કરવામાં આવી. સિકંદરાબાદ શહેર તો આંધ્ર પ્રદેશ (તેલંગાણા) રાજ્યનું શહેર છે. તેથી આંધ્ર પ્રદેશમાં જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનની સ્થાપના કરવામાં આવે તે માટે ઓલિવર ક્લોડિયસ, શાંતા ક્લોડિયસ, શ્રીમાન સ્ટેનિસ્લોસ, રેવ. એમ. ભુશણમ, બેનહર વિનય કઉમાર, એડવર્ડ થ્યાગરાજન, બહેન સરસ્વતી રામચંદર, માર્થા સ્વર્ણા કુમારી, બહેન એલ. રાધિકા, ભાઇ ચાર્લ્સ અને બીજા ઘણા વરિષ્ઠ સુવાર્તિકોએ સંગતમાં પ્રાર્થના કરી હતી. તેમની સાથે પાર્વતીની દીકરીઓ સ્ટેલા શાંતિ, એસ્તેર જયંતી અને હેપ્સિબા ભાનુમતિ પણ જોડાઇ હતી, અને એસ્તેર જયંતાના પતિ આઇઝેક રમન પણ જોડાયા હતા.

## સિકંદરાબાદમાં પ્રાર્થના ભવન

પ્રભુએ પોતાની સેવાને માટે કરવામાં આવેલી પ્રાર્થના વિનંતીઓ સાંભળી. મે ૨૦૦૧માં સિકંદરાબાદમાં પાંચ દિવસના સુવાર્તા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આ સભાનું આયોજન કરવામાં આવ્યું ત્યારે ૨૯ મે ૨૦૦૧ના રોજ આઇ.સી.આર.આઇ.એસ.એ.ટી. કોલોનીના બોવેનપલ્લીમાં જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. રેવ.જે.પૉલ થોમસને તેના પ્રથમ વહિવટકર્તા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.




ભાઇ ડી.જી.એસ. દિનાકરને ઘણા લાંબા સમયથી સેવામાં સહભાગી તરીકે એસ્તેર જયંતિને પ્રાર્થના ભવનમાં કામ કરવા માટે ભલામણ કરી હતી. એસ્તેર જયંતી આજે પણ પ્રભુની સેવા કરે છે, અને પ્રભુએ તેના માતા-પિતાના જીવનમાં કરેલા ચમત્કાર માટે પ્રભુની ભલાઇની સાક્ષી આપે છે.


## હિમાયતનગરમાં ખસેડવામાં આવ્યું

ત્રણ વર્ષ પછી ઘણા લોકોએ જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનમાં આવવાની શરૂઆત કરી. સુવાર્તિકોએ સભાઓનું આયોજન કરવા માટે એક આરામદાયક સ્થળ જોયું. પ્રભુની યોજના મુજબ અને વિવિધ મદદનીશોની સહાય દ્વારા સિકંદારાબાદ પ્રાર્થના ભવનને સપ્ટેમ્બર ૨૦૦૪માં બીજા સ્થળે ખસેડવામાં આવ્યું.

**૨૦૧૬ના ૧૫ ડિસેમ્બરના રોજ ડૉ.પૉલ દિનાકરને સભાઓનું આયોજન કરવા પ્રાર્થના હૉલને ખુલ્લો મૂક્યો હતો.**







**સિકંદરાબાદના જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનનું સરનામું:**
**Jesus Calls Prayer Tower 10-3-163/3 (Old No: 16C)**
**Old Lancer Lines, Opp to Rail Nilayam Near Srikara Hospital, Himmatnagar Post**
**Secunderabad – Telangana Pin code: 500 025**
**ટેલિફોન નંબર : 040– 27824499 / 040- 29550372 / 6381754568**

તમારા વિસ્તારમાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનનું સરનામું જાણવા માટે અમારી વેબસાઇટ www.jesuscalls.org જુઓ અથવા અમારા સહભાગીઓ માટેના ફોન નંબર (૦૪૪- ૨૩૪૫૬૬૭૭) પર સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન ફોન કરો.

| સિકંદરાબાદના પ્રાર્થના ભવનમાં યોજવામાં આવતી સભાઓની વિગતો | | |
|---|---|---|
| સોમવાર | સવારે ૧૧ કલાકે | સહભાગીઓ માટેનો તાલીમ કાર્યક્રમ |
| મંગળવાર | બપોરના ૩ થી ૪ | અભિષેકની સભા |
| બુધવાર | સવારના ૧૧:૩૦ | બહેનોની સભા |
| ગુરૂવાર | બપોરે ૩ કલાકે | બાઇબલ અભ્યાસ |
| શુક્રવાર | સાંજે ૬:૩૦ કલાકે | ઉપવાસ સાથેની પ્રાર્થના |
| શનિવાર | સવારના ૧૧:૩૦ | ઉપવાસ સાથેની પ્રાર્થના |
| શનિવાર | બપોરના ૪:૦૦ કલાકે | યુટર્ન દ્વારા જુવાનો માટેના આશીર્વાદની સભા |
| રવિવાર | બપોરે ૩ કલાકે | પરિવાર આશિષ સભા |

**આવી ખાસ સભાઓ તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનોમાં પણ યોજવામાં આવે છે. તમારા વિસ્તારના પ્રાર્થના ભવનમાંથી તેની વિગતો મેળવી શકો છો. બધી સભાઓમાં સરકારી ધારાધોરણોને ધ્યાનમાં રાખીને સામાજીક અંતર અને સ્વચ્છતા જાળવવાના નિયમો ધ્યાનમાં રાખવામાં આવશે.**

### *જેઓ સિકંદરાબાદના પ્રાર્થના ભવન દ્વારા આશીર્વાદિત થયા છે એવા કેટલાક લોકોની સાક્ષીઓ:*

## બમણો આશીર્વાદ



મારો ડિગ્રી અભ્યાસક્રમ પૂરો કર્યા પછી મને નોકરી પ્રાપ્ત થશે એવી મેં આશા રાખી હતી. મને જીસસ કૉલ્સના સિકંદરાબાદના પ્રાર્થના ભવન દ્વારા નોકરી આશિષ યોજના વિશે જાણવા મળ્યું હતું અને મેં મારું નામ તેમાં નોંધાવ્યું. પ્રાર્થના મધ્યસ્થો અને ડૉ.પૉલ દિનાકરનના પરિવારજનો તેના માટે પ્રાર્થના કરે છે. તેને પરિણામે પ્રભુએ મને સારી નોકરી અપાવી અને અમે લાંબા સમયથી પોતાનું ઘર હોય એવી અપેક્ષા રાખતા હતા એ ઇચ્છાને પણ પૂરી કરી.

**- *જેસિકા,*** સિકંદરાબાદ

## કિડનીની પથરી ગાયબ થઇ ગઇ

મારી કિડનીમાં પથરી હતી તેથી ચાર વાર તેની શસ્ત્રક્રિયા કરાવવામાં અઅવી હતી. જ્યારે આ સમસ્યા ફરીથી ઊભી થઇ ત્યારે મેં ટેલિફોન પ્રાર્થના ભવનમાં ફોન કર્યો અને સિકંદરાબાદના પ્રાર્થના ભવનની મુલાકાત લઇને પ્રાર્થના કરાવી. પ્રાર્થના મધ્યસ્થોએ બાઇબલના વચનો આપીને મારા વિશ્વાસમાં બળ મળે તે માટે પ્રાર્થના કરાવી. મેં આશીર્વાદિત તેલ લગાવીને પ્રાર્થના કરી. ત્યારબાદ જ્યારે સી.ટી.સ્કેન અને એક્સ-રે કરાવવામાં આવ્યા ત્યારે તેના પરિણામમાં મને કહેવામાં આવ્યું કે મારી કિડનીમાં પથરી નથી. પ્રભુની સ્તુતિ થાઓ.

- ***કે.એસ.વિટ્ઠલ રાવ,*** હૈદરાબાદ

---

**પ્રભુ પ્રાર્થના ભવનો દ્વારા ચમત્કારો કરી રહ્યા છે. તમે તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનની વ્યક્તિગત રીતે મુલાકાત લઇને આશીર્વાદો પ્રાપ્ત કરી શકો છો. જીસસ કૉલ્સના બધા જ પ્રાર્થના ભવનો દરરોજ સવારના ૮ થી રાતના ૮ દરમ્યાન ખુલ્લા રહે છે.**

**તમે વ્યક્તિગત રીતે મુલાકાત લઇ શકો છો; પ્રાર્થના મધ્યસ્થો પાસે પ્રાર્થના કરાવી શકો છો અને સલાહ-સૂચનો પ્રાપ્ત કરી શકો છો; ચેપલમાં શાંત મનન કરી શકો છો; સભાઓમાં ભાગ લઇ શકો છો; આશીર્વાદિત તેલ પ્રાપ્ત કરી શકો છો અને જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીમાં દાન આપી શકો છો.**

**જો તમે જીસસ કૉલ્સ મિનિસ્ટ્રી દ્વારા આશીર્વાદિત થયા છો તો તમે બીજાઓ માટે પ્રાર્થના કરવા સ્વૈચ્છિક સેવા આપી શકો છો. તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનમાં તેની તાલીમ આપવામાં આવશે. સ્વૈચ્છિક પ્રાર્થના મધ્યસ્થ તરીકે નોંધણી કરાવવા માટેની રીતો નીચે મુજબ છે.**

**સહભાગીઓ માટેનો ફોન નંબર : ૦૪૪ ૨૩૪૫૬૬૭૭ (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન)**

**સંપર્ક કરો :** ૬૩૮૦૭૫૨૨૫૭ (સવારના ૧૦ થી સાંજના ૬ દરમ્યાન) **મિસ્ડ કૉલ કરો :** ૯૦૧૫૪૫ ૫૪૫૫ (૨૪ કલાક)

ઇ-મેઇલ: volunteer@jesuscalls.org

**પ્રાર્થના ભવન :** તમારા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ભવનના મેનેજરનો સંપર્ક કરો. તમે તમારા ઘરે રહીને તમારા અનુકુળ સમયે લોકોને માટે પ્રાર્થના કરાવી શકો છો.

ચોવીસ કલાક પ્રાર્થનાની સહાય માટેનો ફોન નંબર : ૦૪૪- ૪૫૯૯૯૦૦૦



# વૈશ્વિક મહામારી દરમ્યાન નવી શરૂઆતો



**વૈશ્વિક મહામારીને લીધે આવેલા પડકારો છતાં પણ પ્રભુ આ સેવામાં નવી શરૂઆતો લાવ્યા છે, જેનાથી લોકોનો વિશ્વાસ વધ્યો છે અને વિશ્વમાં સુવાર્તા લઈ જવામાં આવી છે. તમારા ઉદાર દાનો વડે જે સેવાઓની શરૂઆતો શક્ય બની છે તેનો એક ટૂંકો અહેવાલ અત્રે પ્રસ્તુત છે.**

## પ્રાર્થના ભવનો

આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને ટેલિફોન પ્રાર્થના ભવનો દિવસ રાત ચાલુ છે અને પ્રાર્થનાના મોટા મિશન દ્વારા જીવનોનું બદલાણ થાય છે.

પ્રાર્થના મધ્યસ્થો, ક્ષેત્રીય એલચીઓએ બીમારોની તેમના ઘરોમાં કે દવાખાનાઓમાં વ્યક્તિગત મુલાકાત લઈને તેમના માટે પ્રાર્થના કરાવી છે અને તેમના જીવનોમાં છુટકારો અને સાજાપણું પ્રાપ્ત થયાં છે.

પ્રાર્થના મધ્યસ્થોએ સહભાગીઓનો તેમના જન્મદિવસ, લગ્ન દિવસ કે બીજા ખાસ દિવસો દરમ્યાન ફોન દ્વારા સંપર્ક કરીને તેમને "જીસસ કૉલ્સ" દ્વારા શુભેચ્છા પાઠવી છે અને તેમના માટે ખાસ પ્રાર્થના વિનંતીઓ કરાવી છે.

સરકારના માર્ગદર્શન અને ધારાધોરણોને આધીન રહીને પ્રાર્થના ભવનો ખોલવામાં આવ્યા અને સામાજિક અંતર જાળવીને તથા સ્વચ્છતા રાખીને પ્રાર્થનાની સેવાઓ કરવામાં આવી રહી છે. પરિવાર આશિષ સભા, અભિષેકની સભા, ઉપવાસ સાથેની પ્રાર્થના, યુટર્નની સભા, બાળકો માટેની સભા, વેપાર આશિષ સભા, એસ્તેર પ્રાર્થના જૂથ અને વિવિધ સભાઓ યોજવામાં આવે છે. દરરોજ ત્રણ સભાઓ ઝૂમ કે ગુગલ મીટ દ્વારા પ્રાર્થના ભવનોમાંથી ઓનલાઈન સભાઓ યોજવામાં આવે છે અને તેમાં ઈશ્વરનું વચન આપવામાં આવે છે અને તેમાં ભાગ લેનારા લોકોને માટે વ્યક્તિગત પ્રાર્થના કરાવવામાં આવે છે.

## ટ્રમ્પેટ પ્રાર્થના જૂથ

૨૫ માર્ચ, ૨૦૨૦ના રોજ બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન દ્વારા ટ્રમ્પેટ પ્રાર્થના જૂથની શરૂઆત કરવામાં આવી હતી. અને દેશભરમાંથી લગભગ ૮૦૦૦ કરતાં વધારે સ્વયંસેવકો દરરોજ બપોરે ૧:૦૦ થી ૧:૩૦ દરમ્યાન પ્રાર્થના કરે છે.

## કોરોના રાહત સહાય

કારુણ્યા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કોઈમ્બતુરના પેરિયનકાપલાયમમાં કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે સરકારની સાથે મળીને એક કેન્દ્ર ખોલવામાં આવ્યું અને તે અત્યાર સુધી ચાલુ છે.

બિન-નફાકારક સંસ્થા સીશા દ્વારા કોરોનાનો પ્રતિકાર કરવા માટે માસ્ક અને સેનેટાઇઝરની વહેંચણી કરવામાં આવી હતી. કારુણ્યા નગર, કોઈમ્બતુરમાં આવેલા સીશાના દવાખાનામાં કોરોનાના અસરગ્રસ્ત દર્દીઓ માટે એક ખાસ શાખાની સ્થાપના કરવામાં આવી છે.

૧ જુલાઈના રોજ ડૉ.ડી.જી.એસ.દિનાકરનના જન્મદિવસે સીશા દ્વારા ચેન્નાઈ, કોઈમ્બતુર અને વિશ્વભરના વિવિધ સ્થળોએ સુખાકારી માટેની સહાય આપવામાં આવી હતી. કોરોનાના લીધે જેમની આવક પર કે

જીવન પર અસર થઇ હતી એવા ગરીબો, ત્યજાયેલી સ્ત્રીઓ, વડીલો, રિક્ષા ચાલકો, ટ્રાન્સજેંડર અને બાળકોને જરૂરી ખોરાક મસાલા, સીવવાના સંચા, નવાં વસ્ત્રો અને તાલીમ પ્રાપ્ત કરેલા લોકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

૧૨ સપ્ટેમ્બરના રોજ કોઇમ્બતુરમાં અને ૨૫ સપ્ટેમ્બરના રોજ ચેન્નાઇમાં ખાસ તો ગ્રામીણ વિસ્તારના લોકોને રસી પ્રાપ્ત થાય અને ભારત સલામત બને તે માટે રસીકરણ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું.




## દૈનિક વચન

દરરોજ એસ.એમ.એસ. અને વ્હોટ્સએપ દ્વારા પ્રભુનું વચન મોકલવામાં આવે છે.

## ડાયલ અ પ્રેયર

જેઓ તેમની વિવિધ જરૂરિયાતો માટે ડૉ.પૉલ દિનાકરનની પ્રાર્થના સાંભળવા માગે છે તેમના માટે તમિલ અને અંગ્રેજી ભાષાઓમાં 'ડાયલ અ પ્રેયર' નામની પ્રાર્થનાની સેવાની શરૂઆત કરવામાં આવી છે.



## ટેલીવિઝન સેવાઓ (ફેમિલી ચેનલ)

દર શુક્રવારે સેમ્યુલ દિનાકરન, ડૉ.શિલ્પા દિનાકરન અને સ્ટેલા રમોલા રાત્રે ૯ કલાકે યુટર્નનો જીવંત કાર્યક્રમ આયોજિત કરે છે. દર શનિવારે ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઇવેન્જલિન પૉલ દિનાકરન રાત્રે ૮ કલાકે ફેમિલી ચેનલ પર તમિલ ભાષામાં જીવંત કાર્યક્રમ યોજે છે અને ૯:૩૦ કલાકે બીજી ભાષાઓમાં યોજવામાં આવે છી. આ કાર્યક્રમો દ્વારા લોકો વ્યક્તિગત રીતે દિનાકરન સાથે વાત કરીને પ્રાર્થના કરાવી શકે છે.




૭ ભાષાઓ, તમિલ, હિંદી, મલયાલમ, કન્નડ, તેલુગુ, અંગ્રેજી અને સિંહાલા ભાષાઓમાં વિવિધ ટી.વી. સ્ટેશનો દ્વારા કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે અને લાખો લોકો તે જોઇને આશીર્વાદિત થાય છે.

## સોશિયલ મિડિયા પર જીવંત કાર્યક્રમ

પ્રભુના જીવંત અને વિશ્વાસુ વચનો ફેસબુક, યુટ્યુબ અને ટ્વીટર જેવા સોશિયલ મિડિયા દ્વારા આપવામાં આવે અને છે, જેઓ કોમેન્ટમાં તેમની પ્રાર્થના વિનંતીઓ લખે છે તેમને પ્રાર્થના સાથે પ્રત્યુત્તરો આપવામાં આવે છે.




## ડાયનેમિક કિડ્સ કેમ્પ

૧૦ થી ૧૬ મે દરમ્યાન ભારતના બધા પ્રાર્થના ભવનોમાં ડાયનેમિક કિડ્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, તેના દ્વારા સેંકડો બાળકો આશીર્વાદિત થયા હતા.

## ઇ-મેઇલ અને પત્રવ્યવહારની સેવા

ઇ-મેઇલ અને પત્રો દ્વારા જે લોકો પ્રાર્થના વિનંતીઓ મોકલે છે તેમના માટે પ્રાર્થના કરીને તેમને તેના પ્રત્યુત્તરો મોકલવામાં આવે છે.




## સામયિક – ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ અંક

'જીસસ કૉલ્સ' દ્વારા દર મહિને લાખો કુટુંબોમાં મોકલવામાં આવતા સામયિકો દ્વારા લાખો લોકો આશીર્વાદિત થાય છે અને આ સામયિકો પોસ્ટ દ્વારા તથા ઇ-સામયિક કે ડિજિટલ સામયિક તરીકે વેબસાઇટ અને ઇ-મેઇલ દ્વારા મોકલવામાં આવે છે.





## કોરોનાના પ્રતિકાર માટે પ્રાર્થના


કોરોનાના પ્રતિકાર માટેની પ્રાર્થના સંગત નામનું એક વ્હોટ્સએપ જૂથ બનાવવામાં આવ્યું છે જેમાં ૨૮૮ સભ્યો છે જેઓ કોરોનાના અસરગ્રસ્ત લોકો માટે પ્રાર્થના કરે છે. તેમાંથી ૧૫૩ સભ્યો તો સોશિયલ મિડિયા દ્વારા પ્રાપ્ત થતી પ્રાર્થના વિનંતીઓ માટે પણ પ્રાર્થના કરે છે.

## પ્રાર્થનાની અકાદમી અને તાલીમ

"દરેક સહભાગી પ્રાર્થના કરનાર સહભાગી બને" એ દર્શનને પૂરું કરવા માટે "ઈશ્વર સાથે જોડાયેલા" એ શિર્ષક સાથેના ૬ અઠવાડિયાના સહભાગી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં

આવ્યું છે, બધા જ પ્રાર્થના ભવનોમાં અને દરેક મુખ્ય ભાષાઓમાં તે મફત શીખવવામાં આવે છે. અત્યાર સુધી ૧૦૦ લોકોને તેની તાલીમ આપવામાં આવી છે, તેની સાથે સાથે "ઈસુને જાણો" તે વિષય પર એક ૧૦ અઠવાડિયાના ઓનલાઇન અભ્યાસક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે, તેમાં ૧૦ વિડિયો પાઠ છે જે ડૉ.પૉલ દિનાકરન દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે અને ૧૭ ઑગસ્ટે તેની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ બેચમાં ૧૦૭૫ લોકોએ ભાગ લીધો હતો અને આ અભ્યાસક્રમ પૂરો કર્યો છે. હવે બીજી બેચમાં પ્રવેશ મેળવવા માટે નોંધણી ચાલુ છે.


















## છુટકારાનો દિવસ

દર મહિનાના છેલ્લા શનિવારે છુટકારાનો દિવસ જાહેર કરીને ફેમિલી ચેનલ તથા બીજા સોશિયલ મિડિયા દ્વારા ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન દ્વારા તથા બીજા પ્રાર્થના મધ્યસ્થો દ્વારા પ્રાર્થના ભવનોમાં આવનારા, ઇ-મેઇલ, ફેસબુક કે બીજા શ્રોતો દ્વારા આપવામાં આવેલી પ્રાર્થના વિનંતીઓ માટે પ્રાર્થના કરીને તેના પ્રત્યુત્તરો મોકલવામાં આવે છે.

## નોકરી આશિષ યોજના

પવિત્ર આત્માની દોરવણી મુજબ ૧૭ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ નોકરી આશિષ યોજનાની શરૂઆત કરવામાં આવી અને નોકરી કે નોકરીમાં બઢતી પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારા લોકો માટે પ્રાર્થના કરવામાં આવે છે. જેઓ આ યોજનામાં જોડાય છે તેમના માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવે છે.

## બેથેસ્દામાં નવીનીકરણનું કાર્ય

હાલમાં બેથેસ્દાના ૨૮ વર્ષ પૂરા થયા છે, તેથી તેના નવીનીકરણની જરૂરિયાત ઊભી થઇ છે. તેના નવીનીકરણનું કાર્ય મોટા ભાગે પૂર્ણ થવા આવ્યું છે. બીજા કેટલાક કામો ચાલી રહ્યાં છે.

## ઝૂમ એપ દ્વારા પ્રાર્થના ની સેવા – આશાનો સમય

દર રવિવારે સાંજે ૭ કલાકે ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જાલિન પૉલ દિનાકરન ઝૂમ એપ દ્વારા યોજવામાં આવતી પ્રાર્થના સભામાં તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને હિંદી ભાષામાં પ્રભુનું વચન આપે છે અને પ્રાર્થના કરાવે છે. સેંકડો સહભાગીઓ તેમાં જોડાઇને આશીર્વાદો પ્રાપ્ત કરે છે.

## નાતાલની ભેટો

ગત વર્ષે નાતાલના સમયે પ્રાર્થના મધ્યસ્થો અને સુવાર્તાના સેવકોએ પ્રાર્થના ભવનની આસપાસ રહેતા સહભાગીઓની તેમના ઘરે જઇને મુલાકાત લીધી હતી અને તેમના માટે પ્રાર્થના કરાવીને નાતાલની તથા નવા વર્ષની શુભેચ્છા આપી હતી તથા 'જીસસ કૉલ્સનું' કેલેન્ડર અને ડાયરી ભેટ તરીકે આપ્યાં હતાં. જે સહભાગીઓને તેઓ મળી શક્યા નહોતા તેમને પોસ્ટ દ્વારા કેલેન્ડર અને ડાયરી મોકલવામાં આવ્યા હતા.

## પોડકાસ્ટ

દરરોજ ડૉ.પૉલ દિનાકરન દ્વારા વિવિધ ઑડિયો મંચ પર ઑડિયો પોડકાસ્ટ યોજવામાં આવે છે. વિશ્વભરમાંથી લોકો તેમાં જોડાય છે અને દરરોજ પ્રભુનું વચન સાંભળે છે.

## પુસ્તકો

૨૦૨૦માં બહેન સ્ટેલા દિનાકરનનું પુસ્તક 'I saw Him' તમિલ, અંગ્રેજી અને તેલુગુ ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું. ડૉ.શિલ્પા દિનાકરનનું પુસ્તક 'Lovely: Inside and Out' અંગ્રેજી, તમિલ, તેલુગુ અને હિંદી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું. ૧૫ ઑગસ્ટે બહેન સ્ટેલા દિનાકરનનું પુસ્તક 'A family life united with Christ' તમિલ ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું.

## મદદનો હાથ લંબાવો

કોવિડના સમય દરમ્યાન અમે સેંકડો પાળકોને દેવળો બાંધવા માટે અને સુવાર્તિકોને તથા કર્મચારીઓને તેમની જરૂરિયાતો મુજબ મદદ કરી છે. અમે વંચિત લોકો મધ્યે કામ કરતી કેટલીક સંસ્થાઓને પણ સહયોગ આપ્યો છે.







હા, આ બધું 'એક પણ આત્મા નાશમાં ન જાય' એ દર્શન સાથે ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ કરવા માટે તમારા બલિદાની દાનો અને તમારા જેવા સમર્પિત સહભાગીઓના સહયોગ દ્વારા શક્ય બન્યું છે.

"કેમ કે દેવ તમારા કામને તથા તેના નામ પ્રત્યે તમે જે પ્રીતિ દેખાડી છે, અને સંતોની જે સેવા કરી છે, અને હજુ કરો છો, તેને વીસરે એવો અન્યાયી નથી." (હિબ્રૂઓને પત્ર ૬:૧૦)

"તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને તથા ભાઈઓને તથા બહેનોને તથા માઓને તથા છોકરાંને તથા ખેતરોને, સતાવણી સુદ્ધાં, તથા આવતા કાળમાં અનંતજીવન, પામ્યા વગર રહેશે નહિ." (માર્ક ૧૦:૩૦)

જો તમારા કુટુંબનો દરેક કમાનાર સભ્ય તેની દૈનિક આવકમાંથી અથવા તેનો પ્રથમ પગાર અથવા તેના ધંધાની આવકમાંથી કેટલોક હિસ્સો પ્રભુના રાજ્યના બાંધકામ માટે આપે તો તેઓ અને તમારું કુટુંબ આશીર્વાદિત થશે.

---

# આવો!

## આપણે જીસસ કૉલ્સ મિનિસ્ટ્રીને મદદરૂપ બનીએ અને લાખો લોકોને માટે ઈશ્વરનો આશીર્વાદરૂપી હાથ બનીએ.

**હું નીચે મુજબ દાન આપવા માગું છું**

☐ દર મહિને ________ રૂપિયા આપીને વાર્ષિક ________ રૂપિયા દાન આપીશ

☐ મારો એક દિવસનો પગાર ____________________ ☐ રૂપિયા દાન તરીકે આપું છું ________________

☐ મારા પગારનો દશાંશ ____________

☐ દર ______________________ રૂપિયા દાન આપું છું.

નામ ______________________________________________ સહભાગી ક્રમાંક ________________

સરનામું ____________________________________________________________________

__________________________________________________________ પીન કોડ ________________

ઈ-મેઈલ __________________________________________ મોબાઈલ ______________________

જન્મ દિવસ _______________________________ લગ્ન દિવસ ______________________________

**જીસસ કૉલ્સ પ્રાર્થના ભવનમાં પ્રાર્થના કરવા માટે મારી વિનંતી**

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

**આ મોટા કાર્યને માટે મદદરૂપ થાઓ અને મોટા આશીર્વાદો પામો.**

*તમારા દાનો સરળ રીતે મોકલવાની રીતો માટે પાના નંબર ૧૨ જુઓ*

પરિવાર
માટેનો વિભાગ

# તમારું કુટુંબ ખીલી ઉઠશે



**વહાલા મિત્ર, તમારા કુટુંબ માટે પ્રભુ પાસે એક સુંદર વચન છે. પ્રભુ પોતાના વચનમાંથી તમારું કુટુંબ કેવી રીતે ખીલી શકે તેનું એક રહસ્ય જણાવે છે. બાઈબલ નીતિવચનો ૧૪:૧૧ માં કહે છે કે,**

**"પ્રામાણિકનો તંબૂ આબાદ રહેશે."**

હા, તમે જેઓ પ્રભુ પર ભરોરો કરો છો અને પ્રભુના વચનો પર તમારું ઘર બાંધો છો તેઓ તમારા કૌટુંબિક તેમજ વ્યક્તિગત જીવનમાં વૃદ્ધિ અને સમૃદ્ધિ જુઓ.

વહાલા મિત્ર, પ્રભુ તમને તથા તમારા કુટુંબને આશીર્વાદ આપશે અને તમારાં બાળકોની પણ વૃદ્ધિ કરશે.

**"ન્યાયી માણસ તાડની પેઠે ખીલશે; તે લબાનોનના દેવદારની પેઠે વધશે."**

ગીતશાસ્ત્ર ૯૨:૧૨

અમે ઇઝરાયલની મુલાકાત લીધી હતી ત્યારે ત્યાં વૃક્ષોને ખીલેલા જોયા હતા. તે ઉંચા ને ઉંચા વધી રહ્યા હતા અને ખીલી રહ્યા હતા. ખજૂરીનું ઝાડ તોફાનમાં પણ અડગ ઉભું રહે છે, કેમ કે તેના મૂળ જમીનમાં ઉંડે સુધી ગયા હોય છે.. આ જીવનમાં આપણે બધાએ ઘણા તોફાનોનો સામનો કરવો પડે છે. તે તોફન કદાચ સંબંધો કે પારિવારિક પ્રશ્નોના રૂપમાં આવી શકે છે. આપણા કાર્યના સ્થળે પણ સમસ્યાઓ કે તોફાન આવી શકે છે. તોફાન નાણાકીય કે તંદુરસ્તીના પ્રશ્નો તરીકે પણ આવી શકે છે. પરંતુ ખજૂરીના ઝાડની જેમ જો આપણા મૂળ ખ્રિસ્તમાં ઘાલેલા હશે તો તોફાન દૂર થશે અને આપણે દૃઢ ઉભા રહીશું, ખીલીશું અને ઘણાં ફળ લાવીશું.



**"પોતાના દ્રવ્ય પર ભરોસો રાખનાર પડી જશે; પણ નેકીવાનો લીલા પાનની માફક ખીલશે."**

નીતિવચનો ૧૧:૨૮

- બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન
*evangeline@jesuscalls.org*

**ઈશ્વરના વચનરૂપી ખડક પર બંધાયેલું ઘર જીવનની દરેક પરિસ્થિતિઓમાં દૃઢપણે ટકી રહેશે.**

આપણે જોઇએ છીએ કે ઈસુ આપણને ડાહ્યા માણસની જેમ આપણા જીવનો અને કુટુંબને વચનરૂપી ખડક પર બાંધવાનું શિક્ષણ આપે છે.

**“એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળે છે, તેને એક ડાહ્યા માણસની ઉપમા આપવામાં આવશે, કે, જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું; અને વરસાદ વરસ્યો, ને રેલ આવી, ને વાવાઝોડાં થયાં, ને તે ઘર પર સપાટા લાગ્યા; પણ તેનો પાયો ખડક પર નાખેલો હતો, માટે તે પડ્યું નહિ.”** (માથ્થી ૭:૨૪-૨૫)

હા, ઈશ્વરના વચનરૂપી ખડક પર બાંધેલું ઘર જીવનની દરેક કસોટીઓ અને સમસ્યાઓમાં દૃઢ ઊભું રહે છે.

એકવાર એક પતિ અને પત્નીને પતિના માલિકના ઘરે અઠવાડિયાની રજાઓ ગાળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે માલિક તો ખૂબ જ ધનવાન હતા, તેમનું ઘર સુંદર હતું, તેમાં પાણીના ફૂવારા હતા અને મોંઘી કારો તેમના ઘરની બહાર મૂકેલી હતી. પતિના માલિક ખૂબ ઉદાર યજમાન પણ હતા અને એક સાંજે તેઓ એક મોંઘી હોટલમાં જમવા માટે પ્રવેશ્યા. તે માલિક આ બંને પતિ અને પત્નીથી થોડા આગળ ચાલતા હતા. અચાનક તેઓ થોભ્યા અને ફરસબંધી પર જોવા લાગ્યા.

પત્નીને તે જોઇને આશ્ચર્ય થયું. ભોંય પર એક કાળો પડી ગયેલો રૂપિયાનો સિક્કો પડ્યો હતો. આ માણસે નીચા વળીને તે સિક્કો લઇ લીધો. આ સ્ત્રીને તે જોઇને વિચાર આવ્યો કે આટલા ધનવાન વ્યક્તિના હાથમાં આ નાના અમથા સિક્કાનું શું મૂલ્ય?

તેમણે કહ્યું કે, “આ જુઓ, તેના પર શું લખ્યું છે?” તેણીએ વાંચ્યું કે, “યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા”. ત્યારે તેમણે કહ્યું કે, “ના, એ નહિ.” તેણીએ આગળ વાંચ્યું કે, “એક ડોલર?” તેમણે કહ્યું કે “ના, હજુ આગળ વાંચો.” તેણીએ આગળ વાંચ્યું કે, “અમે ઈશ્વર પર ભરોસો કરીએ છીએ”! તેમણે કહ્યું કે “હા!” અને જો હું ઈશ્વર પર ભરોસો કરૂં છું, તો ઈશ્વરનું નામ સિક્કા પર હોય તો પણ મારા માટે તે પવિત્ર છે. જ્યારે પણ મને આવો સિક્કો મળે છે ત્યારે હું તેના પરનું આ લખાણ જોઉં છું. યુનાઈટેડ સ્ટેટ્સના દરેક સિક્કા પર આ લખાણ હોય છે, પણ આપણે ક્યારેય તેના પર ધ્યાન આપતા નથી!. ઈશ્વર મને તેના દ્વારા એ સંદેશો આપે છે કે મારે ઈશ્વર પર ભરોસો કરવાનો છે. જ્યારે પણ મને આવો સિક્કો મળે છે ત્યારે હું પ્રાર્થના કરૂં છું, અને વિચાર કરું છું કે હું ઈશ્વર પર ભરોસો કરૂં છું કે નહિ! હું એક જવાબદારી સાથે આ સિક્કાને મારા હાથમાં લઉં છું કે હું ઈશ્વર પર ભરોસો કરૂં છું. થોડા સમય માટે તે જાણે સોનાનો સિક્કો હોય એમ હું તેને લઇને ખુશ થાઉં છું. હું માનું છું કે ઈશ્વર આ રીતે મારી સાથે વાત કરે છે. હું આશીર્વાદિત છું કેમ કે ઈશ્વર ધીરજવાન છે અને સિક્કા ઘણા છે.

હા મારા મિત્ર, તમે તમારા જીવનની સમસ્યાઓ અને કસોટીઓની પરિસ્થિતિમાં ઈશ્વર પર કેટલો ભરોસો કરો છો? જ્યારે તમે ઈશ્વર પર આધાર રાખો છો અને ઈશ્વર તેમના વચનમાં જે કહે છે તે કરો છો ત્યારે તમે અનુભવ કરશો કે ઈશ્વર તમારી જરૂરિયાતોને પૂરી પાડે છે. તમારો ભરોસો તમને તમારી કસોટીઓ અને સમસ્યાઓ પર વિજય મેળવવા અને તે પરિસ્થિતિમાં ખીલવા માટે મદદરૂપ થશે. તમારું કુટુંબ ખીલશે અને તમારી સાક્ષી અને તમારી ઉદારતા દ્વારા તમે ઘણા હૃદયોને અને જીવનોને મદદરૂપ થશો.

**આ સંદેશો જોવા માટે આ QR Code સ્કેન કરો**

## ટી.વી. પર જીવંત કાર્યક્રમ દરમ્યાન ટેલિફોન પર પ્રાર્થના કરાવવામાં આવે છે

| તારીખ | દિવસ | કાર્યક્રમ | ચેનલ | સમય |
|---|---|---|---|---|
| ૦૫/૧૧/૨૧ | શુક્રવાર | યુટર્ન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૯ થી ૧૦ |
| ૦૬/૧૧/૨૧ | શનિવાર | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૮ થી ૯ |
| | | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | આરાધના ટી.વી (તેલુગુ) | રાત્રે ૯:૩૦ થી ૧૦:૩૦ |
| ૧૨/૧૧/૨૧ | શુક્રવાર | યુટર્ન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૯ થી ૧૦ |
| ૧૩/૧૧/૨૧ | શનિવાર | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૮ થી ૯ |
| | | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | હાર્વેસ્ટ કે.આઇ.ટી.વી. (મલયાલમ) | રાત્રે ૯:૩૦ થી ૧૦:૩૦ |
| ૧૯/૧૧/૨૧ | શુક્રવાર | યુટર્ન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૯ થી ૧૦ |
| ૨૦/૧૧/૨૧ | શનિવાર | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૮ થી ૯ |
| | | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | ઈશ્વર ટી.વી. અને અદોનાય ટી.વી. (હિંદી) | રાત્રે ૯:૩૦ થી ૧૦:૩૦ |
| ૨૬/૧૧/૨૧ | શુક્રવાર | યુટર્ન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૯ થી ૧૦ |
| ૨૭/૧૧/૨૧ | શનિવાર | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | ફેમિલી ચેનલ (તમિલ) | રાત્રે ૮ થી ૯ |
| | | ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન | બીગ જે, ન્યુ હોપ એન્ડ અદોનાય ટી.વી. (કન્નડ)રાત્રે | ૯:૩૦ થી ૧૦:૩૦ |

**જો પ્રભુ તમને દોરવણી આપતા હોય તો ઉપર જણાવેલ જીવંત કાર્યક્રમોમાંથી ગમે તે કાર્યક્રમ માટે સ્પોન્સર બનો અને ઘણા આત્માઓને માટે આશિષનું કારણ બનો**

☎: ૪૪ ૪૫૯૯૯૦૦૦ જીવંત કાર્યક્રમ દરમ્યાન દિનાકરન સાથે સંપર્ક કરવા માટે

દાન આપવાની વધુ રીતો જાણવા માટે પાના નંબર ૧૨ જુઓ

**વધુ વિગતો માટે સહભાગીઓ માટેના ફોન નંબર પર સંપર્ક કરો:**

☎: ૦૪૪ ૨૩૪૫ ૬૬ ૭૭ (સવારના ૭ થી રાતના ૯ દરમ્યાન) : partnercare@jesuscalls.org



# ચમત્કાર કરનાર પ્રભુ

**"જો તું વિશ્વાસ કરશે તો તું દેવનો મહિમા જોશે."**
**(યોહાન ૧૧:૪૦)**

**શું તમે ઘણા લાંબા સમયની નોકરી પ્રાપ્ત કરવા રાહ જોઇ રહ્યા છો? જે લોકોએ નોકરીનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો અને તેમના એક મહિનાનો પગાર પ્રભુના રાજ્યના બાંધકામ માટે આપ્યો એવા કેટલાક લોકોની સાક્ષીઓ અત્રે પ્રસ્તુત છે. પ્રભુ ચોક્કસપણે તમારા માટે પણ એમ જ કરશે. વિશ્વાસ કરો, આશીર્વાદિત થાઓ અને તમારા આશીર્વાદો વહેંચો.**

## પગારમાં વધારો

હું ૩૩ વર્ષની છું અને મુંબઇના ડોમ્બીવલી વિસ્તારમાં રહું છું. હું પરિવાર આશિષ મિશન યોજનાનીી સહભાગી છું. હું બાયોટેકનોલૉજીની પ્રાધ્યાપિકા તરીકે કામ કરું છું. વૈશ્વિક મહામારી દરમ્યાન ઘણાં લોકોએ તેમની નોકરીઓ ગુમાવી હતી. પણ પ્રભુની કૃપામાં હું એ જ કૉલેજમાં શિક્ષણ આપી શકી હતી. તેનાથી વિશેષ તો આ શૈક્ષણિક વર્ષથી મારો પગાર વધીને ૨૮,૬૦૦/- રૂપિયા થયો છે. અગાઉ મને ૧૮,૦૦૦/- રૂપિયા પગાર મળતો હતો. સઘળો મહિમા પ્રભુ ઈસુને જ હોજો. મારા આભાર અર્પણ તરીકે હું વધેલો પ્રથમ પગાર બેથેસ્દા પ્રાર્થના કેન્દ્રના નવીનીકરણ કાર્યને માટે આપું છું. પ્રભુએ મારા પરિવારને સલામત રાખ્યો છે અને વૈશ્વિક મહામારીમાં અમારી તંદુરસ્તી સારી રાખી છે તે માટે હું પ્રભુની સ્તુતિ કરૂં છું.

**- સંદિપ્તા રતિદ્રન,** મુંબઇ

## નોકરી પ્રાપ્ત કરી


૨ વર્ષથી મને નોકરી પ્રાપ્ત થાય તે માટે હું પ્રાર્થના વિનંતી આપતી હતી. મેં પોતે પણ એવી પ્રાર્થના કરી હતી કે જો મને નોકરી મળશે તો હું મારો પ્રથમ પગાર બેથેસ્દાના નવીનીકરણ માટે અને ઈશ્વરના ઘરના બાંધકામ માટે આપીશ. ચમત્કારીક રીતે ૨૦૨૧ના જુલાઇ મહિનામાં મને નોકરીની તક પ્રાપ્ત થઇ અને જો કે તેમાં ઘણી અડચણો હતી. હું આ નોકરી કરી શકીશ કે નહિ તેની મને ખાતરી નહોતી. પણ પ્રભુએ મારી નોકરી સલામત રાખી છે. હું પણ મારી માનતા પૂરી કરી રહી છું. પ્રભુની સ્તુતિ થાઓ.

**- ઉમા શાંતના ક્રિશ્નન,** બેંગાલુરૂ

## મનની ઈચ્છા પ્રમાણેની નોકરી પ્રાપ્ત કરી

મેં નર્સિંગ કોર્સ પૂરો કર્યો છે. હું છુટકારાના દિવસો દરમ્યાન મને એક સારી અને ખાસ તો સરકારી નોકરી પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરતી હતી. ડૉ.પૉલ દિનાકરન અને બધા પ્રાર્થના મધ્યસ્થો મોટા બોજ સાથે મારા માટે પ્રાર્થના કરતા હતા. પ્રભુની કૃપામાં મને એક સરકારી નોકરી પ્રાપ્ત થઇ અને નોકરીનું સ્થળ મારા ઘરની નજીક છે. ૧૨ મે ના રોજ હું કરાર આધારીત નોકરીમાં જોડાઇ હતી. મારા આભાર અર્પણ તરીકે હું મારો પ્રથમ મહિનાનો પગાર નોકરી આશિષ યોજનામાં આપી રહી છું. પ્રભુના પવિત્ર નામને મહિમા થાઓ! પ્રભુની સ્તુતિ થાઓ!

**- શિખા નુરાની,** ડુંગડંગ, સિમ્ડેગા ઝારખંડ





# બાળ દિન વિષયક

**બાળકો જીસસ કૉલ્સ મિનિસ્ટ્રી સાથે જોડાઈને ઉજ્જ્વળ પ્રકાશિત થઈ શકે છે તેના વિષેની કેટલીક સાક્ષીઓ અત્રે પ્રસ્તુત છે. તમારાં બાળકો પણ તેમાં જોડાઈને સમૃદ્ધિ પામી શકે છે અને તમે પ્રભુના એ પ્રતિફળનો આનંદ પ્રાપ્ત કરી શકો છો તેથી પ્રોત્સાહન પામો.**

## પ્રશંસનીય પરિણામો

મેં ૧૦મા ધોરણની પરીક્ષામાં ૯૫+ ગુણ પ્રાપ્ત કર્યા છે. મારા કુટુંબના દરેક સભ્યો, સંબંધીઓ અને મિત્રો મારી સાથે આનંદિત છે. આ તો પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં અનપેક્ષિત પ્રતિફળ છે. મેં જ્યારે પણ પ્રાર્થના કરાવવા માટે ફોન કર્યો ત્યારે મારા માટે પ્રાર્થના કરાવનાર દરેક પ્રાર્થના મધ્યસ્થનો હું આભાર માનું છું. હું સઘળો મહિમા ફક્ત પ્રભુને જ આપું છું. **- નતાલી સ્મૃતિ**

## ઈશ્વરે સઘળું શક્ય બનાવ્યું

ગયા વર્ષે મેં ૧૨મા ધોરણની પરીક્ષા આપી હતી. મારી ગણિતની પરીક્ષા દરમ્યાન મારે ઘણી અડચણોનો સામનો કરવો પડ્યો હતો, હું મારી યોગ્યતા પ્રમાણે શ્રેષ્ઠ યોગદાન આપી શકી નહોતી. જ્યારે હું ઘરે આવી ત્યારે મેં મારા ગુણની સામાન્ય ગણતરી કરી તો તે ફક્ત ૩૧ જ થતા હતા અને એ તો ઉત્તિર્ણ થવા માટેના ૩૫ ગુણ કરતાં પણ ઓછા હતા. હું નિરાશ હતી અને મેં પ્રાર્થના ભવનમાં ફોન કરીને પ્રાર્થના વિનંતી આપી. પ્રાર્થના મધ્યસ્થોએ મારા જીવનમાં ચમત્કાર થશે એવી ખાતરી સાથે પ્રાર્થના કરાવી. મને ઉત્તેજન મળ્યું અને મેં દરરોજ સવારે પ્રાર્થના કરવા માટે પ્રભુની સંગતમાં બેસવાની શરૂઆત કરી. જ્યારે પરિણામ આવ્યું ત્યારે મારા આશ્ચર્ય વચ્ચે હું ગણિત વિષયમાં ૪૧ ગુણ સાથે ઉત્તિર્ણ થઇ હતી. આ તો ફક્ત ઈશ્વરની કૃપા જ છે. હું મારા માટે પ્રાર્થના કરનાર અને મને ઉત્તેજન આપનાર પ્રાર્થના મધ્યસ્થોનો આભાર માનું છું. પ્રભુને સઘળું શક્ય છે એ વાતનો મેં અનુભવ કર્યો છે. હાલમાં હું બી.એસ.સી. એગ્રીકલ્ચરમાં અભ્યાસ કરી રહી છું અને પ્રભુએ મને સારા ગુણ સાથે પ્રથમ સેમિસ્ટર પૂરું કરવા માટે મદદ કરી છે. પ્રભુની સ્તુતિ થાઓ. **- શાઈની,** નાગરકોઈલ

## વિશ્વાસ ફરીથી જાગ્યો

હાલમાં હું ૧૨મા ધોરણમાં અભ્યાસ કરું છું અને નીઈઈની પરીક્ષા આપવાની ઈચ્છા રાખું છું. હું ઘણા લાંબા સમયથી નિરાશામાં ગરકાવ થઈ હતી તેથી હું મારા અભ્યાસમાં ધ્યાન આપી શક્તિ નહોતી. મેં બધી જ આશા અને ઈસુ પરનો વિશ્વાસ ગુમાવી દીધા હતા. પરંતુ ગયા મહિને મેં જીસસ કોલ્સનો યુટ્યુબ ચેનલ પરનો કાર્યક્રમ જોવાની શરૂઆત કરી અને સ્વર્ગીય રાજા ઈસુની વધારે નજીક ગઇ અને વૃદ્ધિ પામી છું. પ્રભુએ મને મનની શાંતિ અને આરામ આપ્યા છે. આજે મારી મૌખિક પરીક્ષામાં મેં ૩૯૫/૪૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. મેં મારી પરીક્ષા માટે જીસસ કૉલ્સમાં સતત ઈ-મેઈલ કર્યા હતા અને પ્રાર્થના મધ્યસ્થો મારા માટે પ્રાર્થના કરતા હતા. હું ભાઈ સેમ્યુલ પૉલ દિનાકરનનો અને પ્રાર્થના મધ્યસ્થોનો મારા અંધકારમય સમય દરમ્યાન પ્રકાશ બનવા માટે અને મને ફરીથી ઈસુનો પરિચય કરાવવા માટે આભાર માનું છું. **- સ્નેહા,** ગુજરાત

## ઉંચી ઉડાન

હું જ્યારે ૧૦ વર્ષની હતી ત્યારે મારા માતા-પિતાએ મારું નામ યુવા સહભાગી યોજનામાં નોંધાવ્યું હતું. હું મારા અભ્યાસ માટે પ્રાર્થનાની સહાય પ્રાપ્ત થાય એવી ઈચ્છા રાખતી હતી, અને ખાસ તો મારી પરીક્ષાના સમય દરમ્યાન પ્રાર્થના મધ્યસ્થોએ મારા માટે આગ્રહથી પ્રાર્થનાઓ કરી હતી. પ્રભુએ મને દિવ્ય જ્ઞાન અને બુદ્ધિ તથા સારી તંદુરસ્તી આપ્યાં છે. પ્રભુની કૃપામાં હું ૯૦% ગુણ સાથે ઉત્તિર્ણ થઇ છું. હું સર્વશક્તિમાન પ્રભુનો અને દિનાકરન પરિવારનો તથા મારા માટે પ્રાર્થના કરાવનાર પ્રાર્થના મધ્યસ્થોનો આભાર માનું છું. **- ઈશિકા,** મુંબઈ


**તમે પણ ચમત્કાર પ્રાપ્ત કરી શકો છો.**

તમારી પ્રાર્થના વિનંતીઓ અમને paul@jesuscalls.org પર ઈ-મેઈલ દ્વારા મોકલો અથવા અમારા સરનામે PRAYER TOWER, 16, Dr. D.G.S. DHINAKARAN ROAD, CHENNAI ૬૦૦ ૦૨૮ મોકલો. તમે પ્રાપ્ત કરેલા છુટકારાની કે આશીર્વાદોની સાક્ષીઓ અમને testimony@jesuscalls.org પર ઈ-મેઈલ દ્વારા મોકલો અથવા વ્હોટ્સએપ નંબર (૯૭૯૧૯૩૪૪૪૨) પર મોકલો, અથવા ઉપર જણાવેલ સરનામે પણ મોકલી શકો છો.




વચનનો સંદેશ

# સમૃદ્ધ જીવન



– બહેન સ્ટેલા દિનાકરન

આપણા પ્રભુ ઈચ્છે છે કે આપણે દરેક બાબતમાં કુશળ રહીએ. (૩ યોહાન ૨)

***"કેમ કે જેમ ખ્રિસ્ત વિષેની અમારી સાક્ષી તમારામાં દૃઢ થઈ તેમ, સર્વ બોલવામાં તથા સર્વ જ્ઞાનમાં, તમે સર્વ પ્રકારે તેનામાં સંપત્તિવાન થયા."*** (૧ કરિંથીઓને પત્ર ૧:૫,૬)

ઉપર જણાવેલ વચનો દ્વારા એ સ્પષ્ટ થાય છે કે ઈશ્વર તેમના બાળકોને સમૃદ્ધ અને કુશળ જીવન આપવાની ઇચ્છા રાખે છે. હા, ઈશ્વર આપણને આપણા વ્યક્તિગત, કૌટુંબિક અને આત્મિક જીવનમાં સમૃદ્ધ કરવાની ઇચ્છા રાખે છે. તે હેતુને માટે ઈશ્વર આપણો પાયો બને છે.

## નેક પુરુષ સદાકાળ ટકનાર પાયારૂપ છે

(નીતિવચનો ૧૦:૨૫)

જે કોઇ ન્યાયી છે તે સમૃદ્ધિના આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે લાયક બને છે. જે કોઇ એવો વિશ્વાસ કરે છે કે તેને પ્રભુ ઈસુ ખ્રિસ્તના રક્ત દ્વારા પાપોથી, અપરાધોથી અને અશુદ્ધતાથી છોડાવવામાં આવે છે અને ન્યાયી બનાવવામાં આવે છે (પ્રે.કૃ. ૧૩:૩૯).

***"મારો ન્યાયી સેવક પોતાના જ્ઞાનથી ઘણાઓને ન્યાયી ઠરાવશે, અને તેઓના અપરાધો તે પોતાને માથે લેશે."***

(યશાયા ૫૩:૧૧)

ન્યાયી પ્રભુ ઘણાઓને પોતાના જ્ઞાનથી ન્યાયી ઠરાવે છે. બાઈબલમાં આપણે સ્પષ્ટપને વાંચીએ છીએ કે ઈશ્વરે કેવી રીતે નૂહ, ઈબ્રાહિમ, ઈસહાક, યાકૂબ, દાઉદ અને દાનિયેલ જેવા લોકોના જીવનોને ન્યાયી બનાવ્યા હતા અને તેમને સમૃદ્ધિના તથા તૃપ્તતાના આશીર્વાદો આપ્યા હતા, કેમ કે તેઓ ઈશ્વર માટે ઉત્સાહિત હતા અને ઈશ્વરનું ભય રાખતા હતા. તેમના જીવનો પ્રભુની નજરમાં મૂલ્યવાન હતા કેમ કે તેઓ પ્રભુને દ્રઢતાથી વળગી રહ્યા હતા અને ફક્ત પ્રભુ પર જ વિશ્વાસ રાખ્યો હતો.

એક જુવાન માણસે તેનું જીવન સંપૂર્ણપણે પ્રભુને સોંપી દીધું હતું અને જુવાન વયથી જ પ્રભુના પ્રેમનો અનુભવ કર્યો હતો, અને તે પ્રભુના ન્યાયીપણાના માર્ગમાં ચાલતો હતો. તેના માતા-પિતાએ યોગ્ય સમયે તેના લગ્ન નક્કી કર્યા. તેની પત્ની જો કે ઈશ્વરનું ભય રાખતી હતી અને તેની જેમ જ વધારે પ્રભુમય બનવા માગતી હતી તેથી તેણીએ પ્રભુનો સ્વીકાર કર્યો અને પ્રભુનું ભય રાખીને તથા પ્રભુ પર દૃઢ વિશ્વાસ રાખીને અને નમ્રતા રાખીને પ્રભુને પ્રસન્ન કરવા લાગી. હવે તેણી પ્રભુને પ્રસન્ન કરતી હતી તેથી તેમના જીવનોમાં પ્રભુની સમૃદ્ધિના આશીર્વાદો ઉભરાવા લાગ્યા. પતિ અને પત્ની તરીકે તેઓ સાથે મળીને પ્રભુને વધારે ને વધારે શોધતા હતા તેથી તેમના કૌટુંબિક જીવનની અછતો દૂર થવાની શરૂઆત થઈ. તેમનું ઘર પ્રભુની હાજરીથી ભરાઈ ગયું અને બીજા લોકો આશીર્વાદિત થાય તે માટે "મધુર ઘર" બની ગયું.

વહાલાંઓ, શું તમારા જીવનમાં આવી સમૃદ્ધિનો આશીર્વાદ છે? કે પછી તમારું જીવન વિવાદો, ઝઘડા, ગુસ્સો અને એકબીજા પર આરોપો મૂકવા જેવા શેતાનના કાર્યોથી ભરપૂર છે? શું તમે તમારા જીવનમાં બોજાઓ, મુંઝવણો, દુઃખો અને વિવિધ પ્રકારની અછતોને લીધે તમારી શાંતિ અને આનંદ ગુમાવ્યાં છે? જો એમ છે, તો તમારી જાતને અત્યારે જ પ્રભુની આગળ નમ્ર કરો અને પ્રભુને એવી વિનંતી કરો કે, "પ્રભુ, મારા પર દયા કરો! મારા સઘળાં પાપો અને અપરાધો માફ કરો. મને નવું સર્જન બનાવો (૨ કરિંથીઓને પત્ર ૫:૧૭). આપણા પ્રભુ દયા અને કરુણાથી ભરપૂર છે.

## યહોવા થાકેલા જીવને તૃપ્ત કરે છે
(યર્મિયા ૩૧:૨૫)

### ૧. જીવનની ચિંતાઓને લીધે નિરાશા

તમારા જીવનમાં અછતનું કારણ શું છે? જીવનમાં આવતા દુઃખો, પીડાઓ અને ચિંતાઓ આપણને દુઃખી કરે છે અને આપણે તેનાથી થાકી જઇએ છીએ. ખાસ તો કુટુંબમાં લગ્ન થયા બાદ 'બાળકનો' આશીર્વાદ પ્રાપ્ત થાય એવી દરેકને અપેક્ષા હોય છે. પરંતુ જ્યારે આ ક્ષેત્રમાં અછત હોય અથવા તો તેમાં વિલંબ થાય તો ફક્ત તે દંપત્તિ જ નહિ પણ કુટુંબના બીજા લોકો પણ નિરાશ થાય છે. આવી નિરાશા જ્યાં સુધી પ્રભુ પાસેથી બાળકનું દાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દૂર થતી નથી. એવી જ રીતે બેરોજગારી, બીમારી અને લાચારીની પરિસ્થિતિ જેવી વિવિધ જરૂરિયાતો પણ કુટુંબને નિરાશ કરે છે. આજે જે લોકો એવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે એવા ઘણા લોકો નિરાશ હશે. જ્યારે નિરાશાની વૃદ્ધિ થાય છે ત્યારે ઘણા લોકો તેમના જીવનનો અંત કરવાના વિચાર કરે છે.

આવી પરિસ્થિતિઓમાં વિજયવંત જીવન જીવવું શક્ય છે? આપણે તેનો વિચાર કરવાની જરૂર છે! યર્મિયા ૩૧:૨૫ મુજબ પ્રભુઓના પ્રભુ જ આપણને સમૃદ્ધ કરી શકે છે. તેથી આપણે ઈશ્વર પર આશા રાખીએ તે જરૂરનું છે, જેના તરફથી આપણને સહાય પ્રાપ્ત થાય છે (ગી.શા. ૧૨૧:૧,૨). તેને 'પ્રાર્થના' કહેવામાં આવે છે. હું ઘણીવાર લખું છું તેમ આપણે કોઇ માણસની પાછળ દોડવું જોઇએ નહિ પણ પ્રભુ ઈસુને વળગી રહેવું જોઇએ, જે એકલા જ આપણને આપણી દયનીય પરિસ્થિતિઓમાંથી છોડાવી શકે છે. ત્યારે પ્રભુ આપણા માટે ચમત્કાર કરશે.

***"તું બીશ મા, કેમ કે હું તારી સાથે છું; આમતેમ જોઈશ મા, કેમ કે હું તારો દેવ છું; મેં તને બળવાન કર્યો છી; વળી મેં તને સહાય કરી છે; વળી મેં મારા પોતાના ન્યાયના જમણા હાથથી તને પકડી રાખ્યો છે."*** (યશાયા ૪૧:૧૦)

આ વચન મુજબ જ્યારે આપણે આદરસહિત પ્રભુને પોકાર કરીશું ત્યારે તે આપણી મધ્યે આવશે. પ્રભુ આપણને આપણા પોતાના પિતા તરીકે પ્રેમ કરે છે. તે આપણને દિવ્ય સામર્થ્યથી ભરશે અને આશીર્વાદના માર્ગમાં દોરશે.

વહાલાંઓ, શું તમે નિરાશા, દુઃખ કે પીડાને લીધે આંસુઓ સારી રહ્યા છો? તમારું દુઃખ ગમે એટલું મોટું કેમ ન હોય પણ પ્રભુ તમને ચમત્કારી રીતે છુટકારો આપવા માટે અને તમને તાજગી આપવા માટે સમર્થ છે. તેથી, તમારા દુઃખો, પીડાઓ અને સમસ્યાઓને પકડી રાખશો નહિ, પણ તેને બદલે પ્રભુના ચરણોમાં બેસો, જેથી તમને તેનો સામનો કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થશે. પછી, તમને પ્રભુ પાસેથી ગૌરવવાન આશીર્વાદો પ્રાપ્ત થશે એવી શંકા હશે નહિ.

### ૨. દુઃખને લીધે નિરાશા

નીતિવચનો ૨૫:૧૮ મુજબ વર્તમાન સમયમાં જે લોકો આપણી વિરુદ્ધ ખોટી સાક્ષીઓ આપે છે તેમના લીધે આપણા મનમાં નિરાશ થવું સામાન્ય છે. એવી જ રીતે મનની નિરાશા જીભને લીધે ફેલાતી અશાંતિને લીધે પણ આવે છે, કેમ કે જીભ તો છેતરપીંડીનું તીર છે (યર્મિયા ૯:૮). તેનાથી વિશેષ તો આપણે આપણી વિરુદ્ધ તીરો ફેંકનાર દુષ્ટને લીધે પણ નિરાશ થઇએ છીએ (ગી.શા. ૧૧:૨). આપણે આવા દુઃખો અને પીડા આપણા મનોમાં વેઠીએ છીએ. આ દિવસોમાં લોકો આવી પરિસ્થિતિઓમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરે છે. જો કે મેં અગાઉ કહ્યું છે તેમ દાઉદ કહે છે તેમ આપણે ઈશ્વરને જ આપણા આશ્રય તરીકે વળગી રહેવાનું છે.

**પ્રભુઓના પ્રભુ જ આપણા મનને સમૃદ્ધ કરવા માટે સમર્થ છે.**

***"દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે."***
(ગીતશાસ્ત્ર ૪૬:૧)

જે કોઇ ઈશ્વરને પોતાનો આશ્રય બનાવે છે તે સંપૂર્ણપણે તેના મનની નિરાશાથી છુટકારો પામે છે અને જેમ દાઉદે દુઃખોથી ભરેલી તેની વિવિધ પરિસ્થિતિઓમાંથી છુટીને પ્રભુની સ્તુતિ કરી હતી તેમ આપણે પણ પ્રભુનો આભાર માનીશું. પ્રભુ નિરાશ મનને કેવી રીતે સમૃદ્ધિ આપે છે?

***"તેમના સર્વ દુઃખમાં તે દુઃખી થયો, ને તેની હજૂરના દૂતે તેમને તાર્યા; તેણે જ પોતાની પ્રીતિથી તથા પોતાની દયાથી તેમનો ઉદ્ધાર કર્યો; પુરાતન કાળના સર્વ દિવસોમાં તેણે તેમને ઊંચકીને ચલાવ્યા."*** (યશાયા ૬૩:૯)

આ વચન મુજબ જ્યારે આપણે આપણી નિરાશા અને દુઃખોને પ્રભુની આગળ ઠાલવીએ છીએ, ત્યારે પ્રભુ આપણને છોડાવે છે, અને આપણને ઊંચકી લે છે. યશાયા ૫૪:૮ મુજબ પ્રભુ અનંત ભલાઇ સાથે આપણા પર કરુણા કરશે અને આપણા મનને સમૃદ્ધ

આશીર્વાદોથી ભરશે. તેથી વહાલાંઓ, જેમ ઉપરના વચનમાં જોયું તેમ તમે તમારી સહાય તરીકે પ્રભુને જ શોધો અને ચિંતા કરશો નહિ. તમારા હૃદયના બધા જ દુઃખોને પ્રભુના ચરણોમાં સોંપી દો. ત્યારે પ્રભુ તમારા નિરાશ મનને તાજગી આપશે અને તમને પોતાની શાંતિથી ભરશે.

હમણા જ મેં એક અદ્દભુત સાક્ષી સાંભળી હતીઃ પ્રભુનું ભય રાખનાર એક દંપત્તિને તેમના લગ્નના ઘણા વર્ષો થયા હોવા છતાં કોઇ સંતાન નહોતું તેથી તેઓ નિરાશ હતા. એવી નિરાશાની પરિસ્થિતિમાં તેમનું કુટુબ જ નહિ પણ તે દંપત્તિએ પણ તેમના પૂરા હૃદયથી પ્રભુ પર લક્ષ રાખ્યું અને દ્રઢતાથી પ્રભુને વળગી રહ્યા. વર્ષો પસાર થતા ગયા! છતાં, તેમનો વિશ્વાસ ગુમાવ્યા વગર તેઓ તેમના વિશ્વાસમાં દઢ રહ્યા. ઘણા વર્ષો પછી જયારે તે સ્ત્રીએ સાંભળ્યું કે તે ગર્ભવતી છે ત્યારે મેં પ્રભુનો આભાર માન્યો. હા, જો તમે પણ તમારો સંપૂર્ણ ભરોસો પ્રભુ પર રાખશો અને વિશ્વાસુપણે પ્રભુને વિનંતી કરશો તો પ્રભુ તમારી પ્રાર્થનાઓના પણ ચોક્કસપણે ઉત્તર આપશે. પ્રભુ તમને ચિહ્નો અને ચમત્કારો બતાવશે.

> ***"મારા સંકટમાં મેં યહોવાને હાંક મારી, હા, મારા દેવને મેં સંબોધ્યો; એટલે તેણે પોતાના મંદિરમાંથી મારી વાણી સાંભળી, અને મારી અરજ તેને કાને પડી."*** (૨ શમુએલ ૨૨:૭, ગી.શા. ૪:૧; ૯:૯, ૧૮:૬; યૂના ૨:૨)

ઉપર જણાવેલ વચન કેવી સુંદર સાબિતી આપે છે.!

### ૩. નિરાશાને બદલે ભરપૂરીપણું

> **"તેઓ તારા ઘરની સમૃદ્ધિથી પુષ્કળ તૃપ્ત થશે; અને તારાં સુખોની નદીમાંથી તેઓ પીશે."** (ગી.શા. ૩૬:૮).

આપણે બધા જાણીએ છીએ કે 'મંડળી' તો ઈશ્વરની હાજરીથી ભરેલું 'ઈશ્વરનું ઘર' છે. ખાસ કરીને આ ઈશ્વરના બાળકોની સંસ્કૃતિ છે કે આપણે રવિવારે દેવળમાં જઇએ છીએ અને ઈશ્વરની આરાધના કરીએ છીએ. દાઉદે ગીતશાસ્ત્રના પુસ્તકમાં એમ લખ્યું છે કે,

> **"જ્યારે તેઓએ મને કહ્યું કે, આપણે યહોવાને મંદિરે જઇએ, ત્યારે હું આનંદ પામ્યો."** (ગી.શા. ૧૨૨:૧)

શા માટે આપણે દેવળમાં જવાની ઇચ્છા રાખીએ છીએ? આજે, ઘણાં લોકો રવિવારે એક ફરજ સમજીને દેવળમાં જાય છે. આ ખોટું છે. આપણે ક્યારેય એ વાતને ભૂલવી જોઇએ નહિ કે, 'પ્રભુ પોતાના પવિત્ર મંદિરમાં છે (ગી.શા. ૧૧:૪; હબાક્કુક ૨:૨૦) અને તે પવિત્ર છે. ઈશ્વર ત્યાં રહે છે તેથી આપણે ત્યાં જવાનું છે અને આપણા હૃદયની ઇચ્છાઓ અને વિનંતીઓ તેમની આગળ ઠાલવવાની છે. પ્રભુ આતુરતાથી આપણી વાત સાંભળવા માટે રાહ જોઇ રહ્યા છે. ખાસ કરીને આપણે જાણીએ છીએ કે શમુએલ પ્રબોધકની માતા હાન્ના જ્યારે તેના મનમાં દુઃખી હતી, કેમ કે તેને કોઇ સંતાન નહોતું ત્યારે તે પ્રભુની હાજરીમાં દોડી ગઇ હતી. તે દેવના મંદિરમાં ગઇ અને તેનું હૃદય પ્રભુની આગળ ઠાલવી દીધું હતું (૧ શમુએલ ૧:૧૫). પછી શું થયું? ગીતશાસ્ત્ર ૬૫:૨ મુજબ આપણા પ્રભુ એક જ એવા પ્રભુ છે, જે પ્રાર્થનાઓ સાંભળે છે. પ્રથમ તો પ્રભુએ તેના મનમાં રહેલા ખાલીપાને અને દુઃખને દૂર કર્યાં હતાં.

**જેમણે તમારા માટે વધસ્તંભ પર જે સઘળું સંપાદિત કર્યું છે તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારી જરૂરિયાતોને જાણે છે.**

> **"કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો. અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે."**
>
> (ફિલીપીઓને પત્ર ૪:૬,૭)

આ વચનો મુજબ પ્રભુએ સંપૂર્ણપણે હાન્નાના મનનું દુઃખ દૂર કર્યું હતું (૧ શમુએલ ૧:૧૮). પ્રભુએ તેને દિવ્ય શાંતિ આપી હતી જે જગત આપી શકતું નથી, અને તેના મનને આનંદથી ભરી દીધું હતું. એક નવો વિશ્વાસ તેનામાં ઉત્પન્ન થયો હતો. તે ઊભી થઇ ત્યારે તેના મનમાં આનંદ હતો કે, "પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી છે; મને ચોક્કસપણે ઉત્તર મળશે." પ્રભુએ તેનું વાંઝિયાપણું દૂર કરીને તેને પ્રબોધક શમુએલનો જ નહિ પણ બીજા બાળકોનો ગર્ભ ધરીને તેમને જન્મ આપવા માટે કૃપા આપી હતી. આ વાત લખતી વખતે હું બીજા એક બહેનની સાક્ષી તમને જણાવવા માગું છું:

ઘણા વર્ષો પહેલાં એક સ્ત્રી, જેની ગર્ભ ધારણ કરવાની ઉંમર વીતી ચૂકી હતી તે દયનીય પરિસ્થિતિમાં હતી. શા માટે? કેમ કે તે ગર્ભવતી થઇ ત્યારે તેના પતિના પરિવારજનોએ તેને એમ કહીને તેના પીયરે મોકલી હતી કે, "આ આપણા કુટુંબનું પ્રથમ બાળક હશે. તેથી જો તે છોકરો હોય તો જ અહીં પાછી આવજે. નહિ તો તારા માતા-પિતાના ઘરે જ રહેજે." કલ્પના કરો કે તે

સ્ત્રીના મનની પરિસ્થિતિ કેવી હશે! એવી મુશ્કેલ પરિસ્થિતિમાં તે હાન્નાની જેમ પ્રભુની હાજરીમાં દોડી ગઇ. તે દેવળમાં ગઇ અને પ્રભુની આગળ ઘૂંટણે પડી અને પ્રભુને પોકાર કર્યો. પ્રભુએ તેના માટે કેવો ચમત્કાર કર્યો? પ્રભુએ તેને તેના ગર્ભના ફળ તરીકે દીકરાનું દાન આપ્યું. તેના દુઃખો, બીક, પીડા અને નિરાશા આનંદમાં બદલાઇ ગયા અને તેણે પ્રભુની સ્તુતિ કરી. તેણીએ હાન્નાની જેમ તેના દીકરાને પ્રભુની સેવાને માટે સોંપી દીધો. પ્રભુએ તેને શમુએલ જેવો પ્રબોધક બનાવ્યો.

વહાલાંઓ, આજે તમે પણ કદાચ નિરાશાજનક પરિસ્થિતિઓમાં હશો. પરંતુ લોકો પર કે જગતની બીજી બાબતો પર લક્ષ રાખશો નહિ. તેમના પર ભરોસો કરશો નહિ. પણ તેને બદલે આ સ્ત્રીની જેમ પ્રભુના ભવનમાં પ્રભુની આગળ ઘૂંટણે પડો અને તેમના વધસ્તંભ તરફ લક્ષ રાખો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત, જેમણે તમારા માટે વધસ્તંભ પર સઘળું સંપાદિત કર્યું છે તે તમારી જરૂરિયાતો જાણે છે (માથ્થી ૬:૮). પ્રભુ તમે માગો કે કલ્પો તે કરતાં તમારે સારુ વિશેષ કરી શકે છે તે ક્યારેય ભૂલશો નહિ (એફેસીઓને પત્ર ૩:૨૦).

**પ્રભુના જે બાળકો આદર સાથે તેમને શોધે છે તેમને તૃપ્ત કરે છે અને તાજગી આપે છે.**

મારા વહાલાંઓ, બાઈબલ કહે છે કે તમે ઈશ્વરનું મંદિર છો (૧ કરિંથીઓને પત્ર ૩:૧૭). શું તમે આ વાત વિષે વિચાર કર્યો છે? પ્રભુ તમારા હૃદયમાં રહેવા માગે છે અને પોતાના પવિત્ર આત્માથી અભિષિક્ત કરીને તમને પોતાનું દિવ્ય મંદિર બનાવવા માગે છે. તમારામાંથી કેટલાને આવું દિવ્ય જીવન પ્રાપ્ત થયું છે? આ દિવસોમાં ઘણા લોકો આ વાતના મહત્વને સમજતા નથી. તેથી, જ્યારે તેઓ દુઃખો અને વિપત્તિઓનો સામનો કરે છે ત્યારે તેઓ તેમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરે છે. તેથી વહાલાંઓ, વ્યક્તિગત રીતે તથા કુટુંબ તરીકે પ્રભુનું મંદિર બનવા માટે અને ઈસુના શિષ્યો જેમ પવિત્ર આત્માના અભિષેકથી ભરપૂર થયા હતા તેમ ભરપૂર થવા માટે તમારી જાતનું પ્રભુને સમર્પણ કરો અને સાથે મળીને એ આશીર્વાદ પામીને પ્રભુના સાક્ષી બનો (પ્રેરિતોના કૃત્યો ૧:૧૪ અને બીજો અધ્યાય). પ્રભુએ અમારા કુટુંબને આપેલી આ એક મોટી કૃપા છે. આજે અમારું કુટુંબ પ્રભુનું મંદિર છે. તેને લીધે અમારા કુટુંબમાં દિવ્ય શાંતિ અને આશીર્વાદો છે. તમે પણ આજે જ આ આશીર્વાદોને શોધવાની શરૂઆત કરી શકો છો.

> **"માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે."** (લૂક ૧૧:૧૩)

તેથી કુટુંબ તરીકે અને વ્યક્તિગત રીતે પ્રભુને દિવસ અને રાત એમ કહીને વિનંતી કરો કે તે તમને પોતાના પવિત્ર આત્માથી ભરપૂર કરે. આ દિવ્ય અભિષેક તમારા નિરાશ આત્માને ઉત્તેજન આપશે. તે તમને સાવધ બુદ્ધિ આપશે અને ૧ યોહાન ૨:૨૭ મુજબ દોરવણી આપશે. મારા જીવનમાં મેં મારા પતિને ગુમાવ્યા પછી હું એકલી પડી ગઇ ત્યારે પવિત્ર આત્માના અભિષેકને લીધે મારા માટે અદ્દભુત માર્ગો થયા છે અને પ્રભુને પસંદ પડે એવા માર્ગોમાં મને દોરવણી મળે છે. તેથી, તમે બધા, જેઓ એકલા છો તેઓ પ્રભુને વિનંતી કરો અને પ્રભુના દિવ્ય અભિષેકથી ભરપૂર થાઓ અને પ્રભુનું મંદિર બનો તથા પ્રભુના સમૃદ્ધિના આશીર્વાદોનો આનંદ માણો. હા, પ્રભુના જે બાળકો આદર સાથે તેમને શોધે છે તેમને તૃપ્ત કરે છે અને તાજગી આપે છે.




તમારી પ્રાર્થના વિનંતીઓ મોકલવા માટે આ QR Code સ્કેન કરો

છુટકારાનો દિવસ
૨૭ નવેમ્બર ૨૦૨૧નો
(ચોથો શનિવાર)

**બાળકોને અને તેમના ભવિષ્યને સલામત કરો**

**"ઈસુએ કહ્યું કે, બાળકોને મારી પાસે આવવા દો, તેઓને વારો મા; કેમ કે દેવનું રાજ્ય એવાંઓનું છે."** (લૂક ૧૮:૧૬)

શું તમને તમારાં બાળકોના શિક્ષણ, સલામતી અને ભવિષ્યની અચોક્કસતા પરેશાન કરી રહી છે? તો આવો, અને પ્રભુના ચરણોમાં તમારાં બોજા મૂકો. ડૉ. પૉલ દિનાકરન અને તેમના પરિવારજનો તથા જીસસ કૉલ્સના પ્રાર્થના મધ્યસ્થોએ તમારી પ્રાર્થના વિનંતીઓને લઈને પ્રાર્થના કરવા માટે ૨૭ નવેમ્બર ૨૦૨૧નો દિવસ નક્કી કર્યો છે. હાલની વર્તમાન પરિસ્થિતિને લીધે જીવનશૈલીને અસર થઈ છે, ખાસ કરીને બાળકોની જીવનશૈલીને અસર થઈ છે. આ દિવસે બાળકોના શિક્ષણ, સમૃદ્ધ ભવિષ્ય અને સલામતી માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવશે. આવો, બાળકો જ્ઞાનમાં, કદમાં અને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધે તે માટે પ્રાર્થના કરીએ (લૂક ૨:૫૨).

તમે તમારી પ્રાર્થના વિનંતીઓ તમારા નજીકના પ્રાર્થના ભવનમાં આપી શકો છો અથવા તો પત્રો, ઈ-મેઈલ, ફેસબુક કે વેબસાઈટ દ્વારા પણ આપી શકો છો. તમારા દ્વારા આપવામાં આવેલી પ્રાર્થના વિનંતીઓ માટે પ્રાર્થના કર્યા બાદ દિનાકરન પરિવાર અને પ્રાર્થના મધ્યસ્થો તમને તેના પ્રત્યુત્તર આપશે.
સરનામું : Dr. Paul Dhinakaran, ૧૬, Dr. D.G.S. Dhinakaran Road, Chennai ૬૦૦૦૨૮.
ઈ-મેઈલ: paul@jesuscalls.org વેબસાઈટ : www.jesuscalls.org ફેસબુક: www.facebook.com/PaulDhinakaranOfficial

સવાલ
જવાબ

# આજે ઘણી સ્ત્રીઓ તેમના વ્યક્તિગત જીવનમાં દિવ્ય આશીર્વાદો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે તેનું કારણ શું છે?



- બહેન સ્ટેલા દિનાકરન

વહાલાંઓ, આ દિવસોમાં સ્ત્રીઓ તેમના દિવસો વિવિધ રીતે પસાર કરે છે. ફક્ત કેટલીક સ્ત્રીઓ જ આદર સાથે પ્રભુને શોધે છે. બીજી તરફ મોટા ભાગની સ્ત્રીઓ ફેશન કરવામાં અને પોતાની જાતને સુંદર બતાવવા માટે શણગાર સજવામાં સમય પસાર કરે છે. તેનાથી વધારે ખરાબ તો એ છે કે તેઓ દૈનિક કાર્ય તરીકે પોતાની જાતને વિચિત્ર રીતે શણગારવાના પ્રયત્નો કરે છે. તેથી તેઓ ઈશ્વરની હાજરી ગુમાવે છે અને તેની તેમને જાણ હોતી નથી. પણ બાઈબલ કહે છે કે,

***"લાવણ્ય ઠગારું છે, અને સૌંદર્ય વ્યર્થ છે; પણ યહોવાનો ડર રાખનાર સ્ત્રી વખાણ પામશે."***

(નીતિવચનો ૩૧:૩૦)

જો એમ છે, તો આવો, આપણે ઈશ્વરને કેવી રીતે પ્રસન્ન કરી શકીએ તે વિશેની વિવિધ રીતો વિશે મનન કરીએ.

## આદર સાથે ઈશ્વરને શોધો

જે સ્ત્રીઓના મનમાં ઈશ્વર માટે દિવ્ય આદર હોય છે તેઓ ઈશ્વરને શોધવાની અને ઈશ્વરની વધારે નજીક જવાની ઈચ્છા અને ખંત રાખે છે. આ દિવસોમાં નોકરી કરતી મોટા ભાગની સ્ત્રીઓ પાસે આ કાર્ય માટે સમય હોતો નથી. તેઓ તેમના ઘરના તથા નોકરીના કામો કરીને સંતુષ્ટ રહે છે અને તેથી તેમની પાસે તેમના પૂરા મનથી ઈશ્વરને શોધવા માટેનો સમય કે ઈશ્વરને પ્રસન્ન કરતું જીવન જીવવાનો સમય હોતો નથી. તેથી, જે સ્ત્રીઓ ઈશ્વરની નજીક રહે છે તેમની સંખ્યા થોડી જ હોય છે. બાકીની સ્ત્રીઓ તો જગત, દેહ અને શેતાનના કાર્યો કરે છે અને જગતની તથા મોહક જીવનની વાતોને શોધે છે અને નકામી ઈચ્છાઓ અને લાલસાઓથી ભરેલી રહે છે. તેઓ એ વાતની સંપૂર્ણપણે અવગણના કરે છે કે આવું જીવન ઈશ્વરની નજરમાં દયનીય છે.

મારા વહાલા બહેનો, જુવાન સ્ત્રીઓ અને પત્નીઓ, બાઈબલમાં આપણે એક મોઆબી સ્ત્રી રૂથને ઈશ્વરના આશ્રય તળે આવતી જોઈએ છીએ. તે ગરીબ હતી પરંતુ ઈશ્વરે તેનું જીવન બાંધ્યું હતું અને તેને આશીર્વાદિત કરી તથા બોઆઝની પત્ની થવાનો લહાવો આપ્યો હતો તેના વિશે વાંચો (રૂથ ૨:૨૧). તેથી, તમારૂં જીવન પણ ઈશ્વરને પ્રસન્ન કરનારું જીવન બને તે માટે તમારે પણ તમારી જાતનું સંપૂર્ણ રીતે સમર્પણ કરવું જોઈએ. શેતાન, દેહ અને જગતની બધી જ બાબતોને દૂર કરો અને પૂરા હદયથી આદરસહિત ઈશ્વરને શોધો અને ઈશ્વર સાથે એક થવાનો પ્રયત્ન કરો. ત્યારે તમારા જીવનમાં ઈશ્વરના આશીર્વાદો ઉભરાશે. પ્રભુ તમારા કાર્યોથી પ્રસન્ન થશે.

## ઈશ્વરને પ્રસન્ન કરનારું દિવ્ય જીવન

પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમના પોતાના જીવન વિષે એવી સાક્ષી આપી છે કે,

***"વળી જેણે મને મોકલ્યો છે તે મારી સાથે છે; તેણે મને એકલો મૂક્યો નથી; કેમ કે જે કઆમો તેને ગમે છે તે હું નિત્ય કરું છું."*** (યોહાન ૮:૨૯)

વહાલાંઓ, એવી જ રીતે જો તમે પણ દિવ્ય સંગત સાથેનું જીવન પ્રાપ્ત કર્યું છે તો પ્રભુ ઈસુ તમારી સાથે પણ હશે તે ચોક્કસ છે.

***"કેમ કે યહોવાએ સિયોનને પસંદ કર્યું છે; તેણે પોતાના નિવાસસ્થાનને સારુ તેને ઈચ્છ્યું છે. નિશ્ચે હું તેના અન્નને આશીર્વાદ આપીશ; હું રોટલીથી તેના કંગાલોને તૃપ્ત કરીશ."*** (ગી.શા. ૧૩૨:૧૩,૧૪)

પ્રભુ તમને પોતાના નિવાસસ્થાન તરીકે સ્વીકારવા અને સદાકાળ તમારી સાથે રહેવા માગે છે. જો એમ છે તો, તમે એવો પ્રશ્ન પૂછશો કે, "આવું દિવ્ય જીવન કેવી રીતે જીવી શકાય?" તેનું સારું ઉદાહરણ તો માર્થાની બહેન મરિયમનું જીવન છે. ત્રણ

ભાઈ-બહેન માર્થા, મરિયમ અને લાજરસ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર ખૂબ જ પ્રેમ રાખતા હતા અને ઈસુ પણ તેમના પર પ્રેમ રાખતા હતા (યોહાન ૧૧:૧૫). છતાં, તેમાંથી કોણ ઈસુને દ્રઢતાથી વળગી રહ્યું હતું?

***"પણ એક વાતની જરૂર છે; અને મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે કે, જે તેની પાસેથી લઈ લેવાશે નહિ."***

(લૂક ૧૦:૪૨)

પ્રભુ ઈસુએ મરિયમ માટે આવી સાક્ષી આપી છે. તેનું કારણ તો એ છે કે લૂક ૧૦:૩૯ મુજબ મરિયમ ઈસુના ચરણોમાં બેસીને ઈસુની વાત સાંભળતી હતી. આ "શબ્દો" તેના જીવનમાં દિવ્ય વિશ્વાસ અને ભરોસો ઉપજાવતા હતા.

વહાલાંઓ, આજે જો તમે પ્રભુને પસંદ પડે એવું જીવન જીવવા માગો છો, તો તમારી પાસે પણ સારો ભાગ પસંદ કરવાનો દિવ્ય અનુભવ હોવો જોઈએ. તેને માટે તમારે ખંતથી બાઈબલના વચનો વાંચવાની અને ઈશ્વરની હાજરીમાં તમારૂં હૃદય ઠાલવવાની જરૂર છે. આપણે જેટલા વધારે પ્રભુને શોધીશું એટલા વધારે આશીર્વાદો આપણા જીવનમાં આવશે. પ્રભુ આપણને ક્યારેય ત્યજી દેશે નહિ. આપણે ગી.શા. ૯૧:૧માં વાંચીએ છીએ કે, સર્વોચ્ચ ઈશ્વર સદાકાળ આપણને તેમની પાંખો તળે રાખીને સાચવશે. આપણને હાની થશે નહિ. બીજી તરફ જો આપણે ઈશ્વરને શોધતા નથી અને તેમનું વચન વાંચતા નથી, તો શું આપણે બધા આશીર્વાદો ગુમાવી દેવા માટેનું દ્વાર ખોલતા નથી? તેથી, તમારા જીવનની પરીક્ષા કરો! તમે પ્રભુને કેટલા શોધો છો? તમારા માટે ઈશ્વરની હાજરીમાં બેસવું કેટલું મહત્વનું છે? તમારી જાતની પરીક્ષા કરો. જગત અને દેહનો નાશ થશે, પણ પ્રભુ સાથેની તમારી સંગતનો નાશ થશે નહિ. તેથી, ૧ કરિંથીઓને પત્ર ૧૩:૧૦ મુજબ તમારા સઘળા અપરાધોને તમારામાંથી દૂર કરો અને પ્રભુની હાજરીમાં એમ કહીને બેસો કે, "પ્રભુ, મને તમારી ભરપૂર હાજરીથી ભરો. મને તમારું વચન સાંભળવા માટે અને અનંતજીવન માટેની સારી બાબતોનો વારસો પામવા માટે ખંત આપો.

## પવિત્રતામાં સંપૂર્ણ

પ્રભુ પવિત્રતા ચાહે છે. મારા વહાલા બહેનો, પ્રભુ પવિત્ર જીવન ચાહે છે. પ્રભુ ઈસુએ પોતાના બલિદાન દ્વારા જેઓને શુદ્ધ કરવામાં આવ્યા છે તેમને સંપૂર્ણ કર્યા છે. તેથી આપણે આપણા દૈનિક જીવનમાં પવિત્રતા પ્રાપ્ત કરીએ તે મહત્વનું છે (હિબ્રૂઓને પત્ર ૧૦:૧૪; ૧૩:૧૨). પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણા માટે વધસ્તંભ પર જે દુઃખો સહન કર્યાં અને રક્ત વહેવડાવ્યું તેનાથી આપણને ધોઈને શુદ્ધ કરવામાં આવ્યા છે, અને તેમના પવિત્ર આત્મા તથા નામ દ્વારા પવિત્ર અને ન્યાયી કરવામાં આવ્યા છે (૧ કરિંથીઓને પત્ર ૬:૧૧). એ વાત પર વિશ્વાસ કરો અને ઈશ્વર તેમના તરફ લક્ષ રાખનારને જે પવિત્રતા આપે છે તે પ્રાપ્ત કરો. પ્રભુનું વચન કહે છે કે, "તેના પુત્ર પ્રભુ ઈસુનું રક્ત આપણને સઘળા પાપથી શુદ્ધ કરે છે" (૧ યોહાન ૧:૭), પ્રભુ તમને પોતાના રક્તથી ધોઈને શુદ્ધ કરવા માટે અને પોતાના પવિત્ર પાત્રો બનાવવા માટે સમર્થ છે. તેથી, તમારામાંના દરેક ઈશ્વરની આગળ શાંત, નિર્દોષ અને ડાઘ વગરના બનવા માટે ખંત રાખવો જોઈએ (૨ પિતરનો પત્ર ૩:૧૪). આવું દિવ્ય અને પવિત્ર જીવન કેવી રીતે જીવી શકાય? આપણે જાણીએ છીએ કે પ્રથમ તો આપણે પ્રભુ દ્વારા આપવામાં આવતા પવિત્ર આત્માના અભિષેકથી ભરપૂર થવાની જરૂર છે. પ્રભુ ઈસુ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે (પ્રેરિતોના કૃત્યો ૧૦:૩૮). ત્યારબાદ તેમના શિષ્યો પવિત્ર આત્માના અભિષેક તથા સામર્થ્યથી ભરપૂર થયા હતા (પ્રેરિતોના કૃત્યો ૧:૧૪ અને બીજો અધ્યાય). કર્નેલ્યસ નામનો એક વિદેશી વ્યક્તિ પણ "પ્રભુમય જીવન" જીવતો હતો અને તેણે તથા તેના કુટુંબીજનોએ તથા મિત્રોએ પણ પ્રભુના એક શિષ્ય પિતર દ્વારા પવિત્ર આત્માનો અભિષેક પ્રાપ્ત કર્યો હતો (પ્રેરિતોના કૃત્યો ૧૦મો અધ્યાય). હું હંમેશા આ સંદેશાઓને મારા મનમાં યાદ કરું છું, તેનું કારણ તો એ છે કે ફક્ત "પવિત્ર આત્મા" જ તમને પવિત્ર કરી શકે છે. તે આપણને સઘળી બાબતો શીખવે છે અને પોતાના પવિત્ર માર્ગમાં દોરે છે (૧ યોહાન ૨:૨૭). આ લેખ વાંચીને તમે પ્રભુની આગળ ઘૂંટણે પડો અને વિનંતી કરો કે, "પ્રભુ, ફક્ત તમે જ મને આવું દિવ્ય અને પવિત્ર જીવન આપી શકો છો." ત્યારે પ્રભુ તમને પોતાના પવિત્ર આત્માથી ભરશે અને પોતાના મહિમાને માટે જેમ તેમના શિષ્યોનો ઉપયોગ કર્યો હતો તેમ તમારો પણ ઉપયોગ કરશે. આપણે સ્ત્રીઓ છીએ, છતાં પણ પ્રભુ આપણને બદલીને તેમના નામના મહિમાને માટે ચિહ્નો અને ચમત્કારો કરવા પ્રકાશિત કરશે.

મારા વહાલાંઓ, તમારા પૂરા મનથી તમારી જાતનું સમર્પણ કરો, ફક્ત વચનો વાંચવા માટે જ નહિ પણ તેનું પાલન કરવા માટે પણ. પ્રભુ તમારામાંના દરેકને આ શબ્દો દ્વારા આત્મિક ભોજન આપો, બળ આપો અને તમારા અપરાધોને દૂર કરીને તમને પોતાના મહિમાને માટે પ્રકાશિત કરો.

જુવાનો
માટેનો વિભાગ

# ચમત્કારો થાય છે!

## સ્વપ્નો સાચા પડે છે!



મારી દીકરી કેટલીનને હમણાં થોડા સમયથી પુસ્તકોમાં ખૂબ જ રસ પડ્યો છે. દરરોજ સવારે તે કોઇ પુસ્તક લે છે અને સેમ પાસે કે મારી પાસે લઈને આવે છે અને અમે તે તેના માટે વાંચીએ છીએ. તે તેમાંના ચિત્રો જુએ છે, પ્રાણીઓ પર આંગળી મૂકે છે અને અમે જે લીટીઓ વાંચીએ છીએ તેને સમજવાનો પ્રયત્ન કરે છે. તેની હાલની વાર્તાની પુસ્તિકા છે, ‘‘થંબલિના.’’ તમે નાના હશો ત્યારે કદાચ તે વાંચ્યું હશે અથવા તો તેમાંની વાર્તા સાંભળી હશે. હું તમને તે યાદ કરાવવા માગું છું.

થંબલિનાની વાર્તા તો એક એકાકી વૃદ્ધ સ્ત્રી વિશેની વાત છે, જે એક ટેકરી પર એકલી રહેતી હતી. તેનું કોઈ કુટુંબ નહોતું. તેને એક છોકરીની ઈચ્છા હતી, પણ તે ખૂબ જ વૃદ્ધ હતી. એક દિવસે એક પરીએ તેની આ ઈચ્છા સાંભળી અને તેને તેના બગીચામાં રોપવા માટે એક છોડના બી આપ્યા. આ વૃદ્ધ સ્ત્રીએ તે બી કાળજીપૂર્વક રીતે વાવ્યા અને તે છોડની માવજત કરી. દિવસો પસાર થતા ગયા અને એક સુંદર ફૂલ તેના પર ખીલ્યું અને તેમાં અંગુઠાના આકારની એક નાની છોકરી હતી, આ વૃદ્ધ સ્ત્રીએ તેનું નામ થંબલિના રાખ્યું. આ વાર્તા કાલ્પનિક વાર્તા છે છતાં પણ તેના વિવિધ અંત છે, મને હંમેશા આ વાર્તાના ભાગો મારી દીકરી આગળ વાંચવાનું ગમે છે.

આ વૃદ્ધ સ્ત્રી પાસેથી તમે ત્રણ મહત્વના પાઠો શીખી શકો છો.

૧ ઈશ્વર તમારી પાસે છે.

૨ ઈશ્વર તમારા મનમાં કરેલી પ્રાર્થનાઓ પણ સાંભળે છે.

૩. ઈશ્વર અલગ રીતે પ્રાર્થનાઓના ઉત્તરો આપે છે.

***‘‘હે પ્રાર્થનાના સાંભળનાર, તારી પાસે સર્વ લોક આવશે.’’***


(ગીતશાસ્ત્ર ૬૫:૨)

આ વાર્તા કદાચ ઘણી અલગ-અલગ રીતે તમારી સાથે સંકળાતી હોય એમ બની શકે છે. તમે પણ કદાચ એકાકી હશો. તમારા મિત્રોએ તમારો નકાર કર્યો હશે અથવા તો તમે કોઇ પરિસ્થિતિને લીધે તમારું કુટુંબ ગુમાવ્યું હશે. કદાચ તમને જીવનમાં કોઇ જ પ્રકારનો રસ હશે નહિ. તમારું હૃદય ભંગીત હશે અને તમે એવો વિચાર કરતા હશો કે આ જગતમાં તમારું કોઇ નથી. પરંતુ પ્રભુ કહે છે કે,

***‘‘આશાભંગ થયેલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે.’’***

(ગીતશાસ્ત્ર ૩૪:૧૮)

હા, મારા વહાલા મિત્ર, પ્રભુ તમારી પાસે છે. પ્રભુ બાઈબલમાં વચન આપે છે કે તમે તેની આંખની કીકી સમાન છો અને તેણે તમને પોતાની હથેળી પર



ડૉ. શિલ્પા દિનાકરન
shilpasd@jesuscalls.org

## તમારા સ્વપ્ન વિશે હિંમત ગુમાવશો નહિ, ઈશ્વર પાસેથી ચમત્કારની અપેક્ષા રાખો.

કોતર્યાં છે. તે તમને ખૂબ જ પ્રેમ કરે છે અને તમારી દરેક પ્રાર્થનાઓ સાંભળે છે. વૃદ્ધ સ્ત્રીની જેમ તમે પણ ઘણા લાંબા સમયથી કોઇ પ્રાર્થના કરતા હશો પણ હિંમત ગુમાવશો નહિ, કેમ કે તમને તેનો ઉત્તર પ્રાપ્ત થશે. વૃદ્ધ સ્ત્રી પોતાની એક છોકરી હોય એવી આશા રાખતી હતી અને તેના જીવનમાં આ આશીર્વાદની ઈચ્છા રાખતી હતી. ઘણા વર્ષો પસાર થયા હોવા છતાં પણ તેણે હિંમત ગુમાવી નહિ. હું એક સુંદર વિધાન વાંચું છું જે એમ કહે છે કે, "જે ક્ષણે ઈશ્વર તમારા હૃદયમાં સ્વપ્ન મૂકે છે તે જ ક્ષણે તેને પૂરું કરવા માટે સઘળી વ્યવસ્થા કરે છે." તેથી તમારા સ્વપ્નને પકડી રાખો અને હિંમત ગુમાવશો નહિ. પ્રભુ ચોક્કસપણે તેના સમયે તે પૂરું કરશે.

***"જેથી તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે."*** (ગીતશાસ્ત્ર ૩૭:૪)

આ વચન મુજબ પ્રભુમાં આનંદ કરો અને પ્રભુ તમારા હૃદયની ઈચ્છાઓ પૂરી પાડશે. પ્રભુ તમારી ઈચ્છાઓને પૂરી કરશે અને તમારી પ્રાર્થનાઓના ઉત્તરો આપશે એટલું જ નહિ પરંતુ તમને અનપેક્ષિત તથા સુંદર આશીર્વાદ આપશે. જેમ વૃદ્ધ સ્ત્રીને પરીએ આપેલા બી વાવવા દ્વારા થયેલા ફૂલમાંથી છોકરી મળી તેમ પ્રભુ પણ અદ્દભુત રીતે તમારા જીવનમાં ચમત્કાર કરશે અને તમારી કલ્પનાઓ કરતાં વિશેષ આશીર્વાદ આપશે.

મેં એકવાર એક મિશનરી ડૉક્ટરની વાત વાંચી હતી તે યાદ આવે છે, તેઓ આફ્રિકાના અંતરિયાળ વિસ્તારમાં કાર્ય કરતા હતા. એક દિવસે બપોરે તેમણે અધૂરા માસે બાળકને જન્મ આપ્યો અને તે સમયે ત્યાં કાચની કોઇ પેટી ઉપલબ્ધ ન હોવાને લીધે બાળકને રાતના સમયે ગરમાવો આપવા માટે ગરમ પાણીની બોટલ પ્રાપ્ત કરવા માટે ઉતાવળા થયા હતા. તેમણે તેને માટે પ્રાર્થના કરી. તે જ સાંજે તેમને એક પાર્સલ પ્રાપ્ત થયું જે ઘણા મહિનાઓ પહેલાં તેણીના એક મિત્રએ બીજા દેશમાંથી મોકલ્યું હતું. પાર્સલમાં ગરમ પાણીની બોટલ હતી. પ્રભુએ સુંદર રીતે તેમની પ્રાર્થનાનો ઉત્તર આપ્યો હતો અને યોગ્ય સમયે અશક્ય લાગતી પરિસ્થિતિમાં તેમની પ્રાર્થનાનો ઉત્તર આપ્યો હતો. બાઇબલ માથ્થી ૬:૮ માં કહે છે કે,

***"તમારા માગ્યા અગાઉ તમારો આકાશમાંનો બાપ તે જાણે છે."***

પ્રભુ ચોક્કસપણે ઉત્તરો આપે છે. તેથી મારા મિત્ર, તમારા સ્વપ્નને દ્રઢતાથી વળગી રહો અને હિંમત ગુમાવશો નહિ. નિરાશ કે હતાશ થશો નહિ! સ્વર્ગમાંના પિતા પાસેથી ચમત્કારની અપેક્ષા રાખો અને તે અનપેક્ષિત રીતે તે પૂરું પાડશે.

***પ્રાર્થના:*** મારા પ્રેમાળ સ્વર્ગીય પિતા, હું જાણું છું કે તમે પ્રાર્થનાના ઉત્તર આપનાર પ્રભુ છો, અને મારા સઘળા સ્વપ્નો અને ઈચ્છાઓ પૂરા કરો છો. પિતા, વિશ્વાસથી તમને વળગી રહેવા માટે મને તમારી કૃપા આપો. પિતા, તમે મારા સ્વપ્નોને અનપેક્ષિત રીતે પૂરા કરો છો તેના માટે હું તમારો આભાર માનું છું. પ્રભુ ઈસુના નામમાં માગું છું, આમેન.




SEESHA
LET'S GIVE LIFE

# જીવનોનું બદલાણ કરવાના અને સમુદાયોને દૃઢ કરવાના ૧૮ વર્ષ



**૨૫ નવેમ્બર ૨૦૦૩ના રોજ ગરીબો અને જરૂરિયાતમંદોની સેવા કરવાના દર્શન સાથે સીશાની સ્થાપના કરવામાં આવી હતી, સીશા તો પરિવારોને ધ્યાનમાં રાખીને સમુદાયોનો વિકાસ કરનારી પરિવારોને દૃઢ કરનારી અને માનવ સુખાકારીના કાર્યો કરવા દ્વારા સમુદાયોને નિભાવી રાખવાના કાર્યો કરતી સંસ્થા છે.**

*અમે જ્યારે ૧૮મા વર્ષમાં પ્રવેશી રહ્યા છીએ ત્યારે સીશા વિવિધ સમુદાયો માટે જે સુખાકારીના કાર્યો કરીને સમુદાયોનો સર્વાંગી વિકાસ કરવાના પ્રયત્નો કરે છે તેને લગતા પ્રોજેક્ટો નીચે મુજબ છે -*

* **શિક્ષણ – બાળકો અને જુવાનોનો વિકાસ**
* **સ્વાસ્થ્ય – સુખાકારી માટેનું કેન્દ્ર, અપંગ લોકો માટેનો કાર્યક્રમ,સ્વાસ્થ્ય માટેના**
* **બાહ્ય કાર્યક્રમો અને વડિલોની સંભાળ**

  **પર્યાવરણ – આપત્તિ સમયે રાહત સહાય અને પુનર્વસન**
* **આજીવિકા – સ્ત્રી સશક્તિકરણ, જુવાનોને વિવિધ આવડતોની તાલીમ, કેદીઓ અને ટ્રાન્સજેન્ડર લોકો માટે આજીવિકા સહાય**

અમે ભવિષ્યમાં ઘણા લોકોની સેવા કરવાની ઈચ્છા રાખીએ છીએ.
અમે આગળ આવનારા તહેવારના સમયે ગરીબીમાં જીવતા,
ગંદા કે ફાટેલા વસ્ત્રો પહેરનારા સેંકડો જરૂરિયતમંદ બાળકોને યાદ કરીએ છીએ.

**અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ અમે ૧ લાખ ગરીબ બાળકોને નવાં વસ્ત્રોની ભેટ આપીને તેમના જીવનોમાં આશા અને આનંદ લાવવા માગીએ છીએ.**





## જરૂરિયાતમંદ બાળકના જીવનમાં આનંદ લાવીએ છીએ!

હું કલ્લીમેડુની વતની છું, અને મારું નામ આઈડા છે. હું ૧૦મા ધોરણમાં અભ્યાસ કરું છું. મારા પિતા એક ખેડૂત છે. મારા માતા-પિતા મારા અભ્યાસ માટે નાણાકીય રીતે સહાય કરી શકે તેમ નહોતા તેથી હું અભ્યાસમાં ધ્યાન આપવામાં સંઘર્ષ કરી રહી હતી.

તે સમયે મારા માતા-પિતાએ અમારા ગામમાં ચાલતા સીશા બાળ વિકાસ કેન્દ્ર વિષે સાંભળ્યું અને મારું નામ મફત ટ્યુશનના વર્ગોમાં નોંધાવ્યું. કેન્દ્રમાં આપવામાં આવતા ગુણવત્તાસભર શિક્ષણને લીધે હું અભ્યાસમાં સારું પ્રદર્શન કરી શકી. આ કેન્દ્રમાં જોડાયા પહેલાં હું બહાર જવાનું ટાળતી હતી, કેમ કે મારે દરેક વખત એક જ વસ્ત્રો પરિધાન કરવા પડતા હતા. પરંતુ સીશા એ વાર્ષિક ભેટ તરીકે નવાં વસ્ત્રો આપ્યાં તેથી હું સીશાનો આભાર માનું છું, હવે હું મારા મિત્રોને નવાં વસ્ત્રો પહેરીને આત્મવિશ્વાસ સાથે મળી શકું છું!"

**કુમારી આઈડા જેનિફર – સીશા દ્વારા આપવામાં આવતા નવાં વસ્ત્રોની લાભાર્થી, કોઈમ્બતુર**

ફક્ત ૪૦૦/- રૂપિયાનું યોગદાન આપવા દ્વારા તમે પણ આવા વંચિત બાળકોને માટે આ સમયને યાદગાર બનાવી શકો છો. તમે નીચે મુજબ યોગદાન આપી શકો છો -

* ૧ બાળકને નવાં વસ્ત્રો આપવા માટે – ૪૦૦/- રૂપિયા
* ૧૦ બાળકને નવાં વસ્ત્રો આપવા માટે – ૪૦૦૦/- રૂપિયા
* ૧૦૦ બાળકને નવાં વસ્ત્રો આપવા માટે – ૪૦,૦૦૦/- રૂપિયા

SCAN TO DONATE

ALL DONATIONS ARE TAX-EXEMPTED UNDER SECTION 80G

You can contribute through
G Pay Paytm pay

044 66660000
9300600600
www.seesha.org
info@seesha.org
SEESHA house No.37, Gandhi Road, Tambaram (West), Chennai - 600045



Owned by Jesus Calls; Printer and Publisher - G.L.B.Ernest from 16, Dr.D.G.S. Dhinakaran Road, Chennai - 28.
Printed at Thomson Press (India) Limited at A-9, Industrial Complex,
Maraimalai Nagar - 603209, Kancheepuram District, Tamil Nadu.Editor: Mrs.Stella Dhinakaran

દિનાકરન
સાથે પ્રભુના પ્રેમની ઉજવણી

ડૉ.પૉલ દિનાકરન અને તેમના
પરિવારજનો દ્વારા ફેમિલી ચેનલ પર
કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે

Family
CELEBRATING LOVE

૨૪ કલાક ચાલતી
તમિલ ટી.વી. ચેનલ
(જે ફેમિલી ચેનલ તરીકે ઓળખાય છે)




Download
FAMILY CHANNEL
MOBILE APP
FROM
GOOGLE PLAY
& APP STORE

GET IT ON
Google Play
http://bit.ly/FCApp-Andriod

Download on the
App Store
http://bit.ly/Fc-App



## અશક્યતા અદ્ભુત ચમત્કારમાં બદલાઈ ગઈ


ઑક્ટોબર ૨૦૨૦માં જ્યારે મારો દીકરો જીઆન. જે. ચેરિયન ૨ વર્ષનો હતો ત્યારે તે માંદો પડ્યો હતો, તેને સખત તાવ હતો. તેની લોહીની તપાસ કરાવ્યા પછી ડૉક્ટરોએ કહ્યું કે તમારા દીકરાનું હિમોગ્લોબીનનું સ્તર ફક્ત ૩.૩ જ છે, તેથી અમે તરત જ તેને દવાખાનામાં દાખલ કર્યો હતો. બીજી તપાસ કર્યા પછી તેમણે તેનો બોન મેરોની પણ તપાસ કરી હતી. અંતે ડૉક્ટરોએ કહ્યા પ્રમાણે અમારા દીકરાને ભાગ્યે જોવા મળતું લોહીનું કેન્સર હતું. એ પરિસ્થિતિમાં અમારા દીકરાની બચવાની સંભાવના ફક્ત ૪૦% જ હતી. એ વાત સાંભળીને અમારા હૃદયો ભંગીત હતા. અમે બધી આશા ગુમાવી દીધી હતી.

જો કે મારા પતિ મેંગલોરમાં આવેલા જીસસ કૉલ્સના પ્રાર્થના ભવનમાં ગયા હતા અને પ્રાર્થના મધ્યસ્થો અમારા દીકરા માટે સતત પ્રાર્થના કરતા હતા. તે દિવસોમા દરમ્યાન અમારા દીકરાને આઇ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યો હતો અને કીમોથેરાપીના ચોથા સેશનમાંથી પસાર થઇ રહ્યો હતો. સારવાર દરમ્યાન તેને તેના જમણા હાથમાં ચેપ લાગ્યો હતો. ડૉક્ટરો તેનું કારણ સમજી શક્યા નહોતા. ડૉક્ટરોએ મને કહ્યું કે તેમણે મારા દીકરાનો હાથ કાપવો પડશે કેમ કે તે ચેપની અસર આગળ પણ ફેલાઈ રહી છે.

આ પરિસ્થિતિમાં ૧૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ મને ફેમિલી ચેનલ પર પ્રસારીત થઇ રહેલા એક જીવંત કાર્યક્રમ દરમ્યાન ડૉ.પૉલ દિનાકરન અને બહેન ઈવેન્જલિન પૉલ દિનાકરન પાસે પ્રાર્થના કરાવવાની તક મળી હતી. જ્યારે મેં મારા દીકરાની પરિસ્થિતિ તેમને જણાવી ત્યારે તેમણે સાથે મળીને મારા દીકરાના સાજાપણા માટે મોટા બોજ સાથે પ્રાર્થના કરાવી હતી. તેનાથી અમારા હૃદયોમાં આશા જન્મી હતી.

થોડા જ દિવસોમાં ફરીથી તપાસ કરાવવામાં આવી અને ત્યારે જાણવા મળ્યું કે મારા દીકરાના લોહીમાં શ્વેતકણોની સંખ્ય વધવાની શરૂઆત થઇ છે. તેનાથી ડૉક્ટરોને ચેપની સારવાર કરવામાં સહાય પ્રાપ્ત થઇ. ૨ કે ૩ દિવસમાં તેના હાથમાં લાગેલા ચેપમાંથી સંપૂર્ણ સાજાપણું મળ્યું અને તાવ પણ ઉતરવા લાગ્યો. પ્રભુએ મારા દીકરાનો હાથ કાપવાની પરિસ્થિતિ દૂર કરી. થોડા જ દિવસોમાં તેમણે બોન મેરોની તપાસ કરી અને તેના પરિણામમાં જાણવા મળ્યું કે કેન્સર દૂર થયું હતું. ત્યારબાદ મારા દીકરાને ડૉક્ટરો દ્વારા એવું પ્રમાણપત્ર આપવામાં આવ્યું કે તેના શરીરમાં લોહીના કેન્સરના કોષો નથી. ફેબ્રૂઆરી ૨૦૨૧માં બધી તપાસના રીપોર્ટ નોર્મલ આવ્યા હતા, અને મારો દીકરાને દવાખાનેથી ઘરે પાછો લાવવામાં આવ્યો. ડૉક્ટરો પણ આશ્ચર્ય પામ્યા હતા. હવે મારા દીકરાનું સ્વાસ્થ્ય સારું છે. બધી દવાઓ બંધ કરવામાં આવી છે અને તેને બળ પ્રાપ્ત થયું છે. પ્રભુ ઈસુની લાખોલાખ સ્તુતિ થાઓ.

**- અશ્વિની,** મેંગલોર




Spotify
saavn
amazon music

નીચે જણાવેલ દરેક લિંક પર
ડૉ.પૉલ દિનાકરનના દૈનિક ઓડિયો
પૉડકાસ્ટ જોઈ શકો છો
જીવનને તેના સઘળા
ભરપૂરીપણામાં માણવાની
યાત્રાની શરૂઆત કરો

WATCH ON CABLE NETWORKS

| | | | |
|---|---|---|---|
| 175 | SCV | 800 | CTN |
| 750 | TCCL | 977 | EAGLE TV IPTV (CANADA) |
| 595 | JPR (IN MUMBAI) | 977 | PEO SKY IPTV (JAPAN) |
| 725 | VK DIGITAL | | |
| 599 | ARASU CABLE | | |
| 173 | BEE TV IPTV | | |
| 200 | AMN | | |
| 677 | AKSHYA | | |

Roku D9RRK5Z
amazon fireTV
androidtv

WATCH ONLINE
www.familychannel.org
FOLLOW US ON : /FAMILY CHANNEL

If you would like to advertise or require a slot to place your programs in our Family Channel
promotion@truefriend.co.in +91 95001 55588

Regd. Newspaper RNI No. TNGUJ/2013/56006


# Karunya
DEEMED UNIVERSITY
SOLVING HUMAN PROBLEMS

Approval · Accreditation · India Ranking

Global Rating · India Rating · e-Certification

# ADMISSIONS CLOSING For 2021

## Alumni Testimonial



"I owe my success and happiness to the life lessons learnt at Karunya, in addition to Engineering. Learning about the significance of success and failure and to invest in relationships are invaluable lessons learnt as a student of Karunya. I value the institutions infrastructure; blissful environment and focus on physical and mental wellbeing are my takeaways from my stay at Karunya."

**Gopal VK**
Global Vice President
Genpact-Barkawi, USA



"Karunya not only imparts technical knowledge but also imbibes love, care and kindness towards society"

**Ms. Malarkodi I.R.S**
Deputy Commissioner of Income Tax



"Karunya fashioned me for today"

**Dr. Sujatha Jamuna** (1988-92 ECE)
Principal,
Loyola Institute of Technology, Chennai



"Karunya equipped me with confidence and poise to handle all life situations, both at home and work."

**Dr. Esther Malini Victor** (1986-90 CIVIL)
General Manager, Head Contracts & Claims,
L&T Infrastructure Development Projects Limited, Chennai

**OUR TOP RECRUITERS** — Highest Salary Package 35 Lakhs Per Annum

accenture · aspire · AIS · BOSCH · HYUNDAI MOBIS · BYJU'S · KPIT · Nestle · NUTANIX · BAY CONTRACTORS · TVS · ZOHO

## Highlights

- A Christian Minority Institution
- Situated in a serene environment at the foot-hills of Western Ghats
- 8,000 Students & over 30,000 Alumni
- Industry Oriented Curriculum
- International Collaborations
- Wi-Fi enabled Green Campus
- Digital Library Resources
- Foreign Internships with Stipend
- Industry Certifications & Pre-Placement Training Programs
- Industry tie-up with Boeing, Siemens, CMTI India, AMZ Automotive, IBM, Salzer, Jasmin Infotech, Test & Verification Solutions, CISCO, Emurgo, IVSE and L&T.
- Centre for Student Innovations, Incubation and Business start-ups



**MERIT SCHOLARSHIPS** FOR ELIGIBLE CANDIDATES*

## Choose your career in:

- ENGINEERING
- AGRICULTURE
- MANAGEMENT
- BIOSCIENCES
- CRIMINOLOGY
- ARTIFICIAL INTELLIGENCE
- COMMERCE
- COMPUTER SCIENCE
- DATA SCIENCE
- FORENSIC SCIENCE
- BASIC SCIENCES
- OPTOMETRY
- MEDIA

FEW LAPSED SEATS AVAILABLE — HURRY UP!

## Karunya Institute of Technology and Sciences,

Karunya Nagar, Siruvani Main Road, Coimbatore - 641 114. Tamil Nadu, India.
E-mail: admissions@karunya.edu • Website: www.karunya.edu

**Toll Free: 1800 425 4300**

APPLY NOW!
Scan QR Code to Start the Admission Process
*Conditions apply